*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

વીર સં. ૨૫૦૧

વર્ષ ૩૨ અંકઃ ૩૭૪




# હે કુંદકુંદસ્વામી ! આકર જરા દિખાજા
## ( ભરતક્ષેત્રના નાનકડા તીર્થંકર )

ભારતના ચતુર્વિધસંઘે જ્યારે કુંદકુંદ મુનિરાજને ( માગશર વદ આઠમે ) આચાર્યપદે સ્થાપીને જૈનશાસનના નાયકપણે સ્વીકાર્યા તે વખતનો ઉત્સવ કેવો હશે! પોતાની અદ્ભુત આત્મ પ્રતિભાવડે મોક્ષમાર્ગનો મહાન રથ ચલાવનારા એ સંત કેવા હશે? સીમંધરનાથને સાક્ષાત્ દેખનાર એ સન્ત કેવા હશે? અને વિદેહક્ષેત્રમાં આવડા, દેહથી નાનકડા પણ અધ્યાત્મમાં મોટા, મુનિરાજને દેખીને ત્યાંના જીવો કેવા પ્રસન્ન થયા હશે? અને વિદેહથી આવ્યા પછી જ્યારે આનંદના અનુભવથી ભરેલી મધુરી કલમ વડે 'वंदित्तु सव्वसिद्धे'.......લખીને સમયસારની રચના કરતા હશે ત્યારે શ્રુતદેવીમાતા પોતાના આ નંદનને દેખીને કેવા પ્રસન્ન થયા હશે? આત્મવૈભવ વડે આપણને શુદ્ધાત્મા દેખાડનારા એ ભરતક્ષેત્રના નાનકડા તીર્થંકર કેવા મજાના હશે! ! અહા! સોનગઢ આવીને આજે આપણને દર્શન આપે તો! વાહ ભાઈ વાહ! તેમના પ્રતાપે તો આપણે ધર્મકાળમાં વર્તી રહ્યા છીએ.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧, માગશર ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૨ઃ અંક ૨

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૨
અંક ૨

આત્મધર્મ ૨૫૦૦

વીર સં. ૨૫૦૧
માગશર:
ઈ. સ. 1974
DIC.

# સંતોના અનુભવનું રહસ્ય

# એકત્વ

## એકત્વમાં સુંદરતા....ને...એકત્વમાં મોક્ષમાર્ગ


હે આત્મશોધક!

તું સ્વદ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપે એક સત્ છો. તારા દ્રવ્ય–ગુણ – પર્યાયમાં પ્રદેશભેદ માનીશ નહિ; તારા દ્રવ્ય–ગુણ–પર્યાયને સર્વથા જુદા માનીને આત્માની એકતાને ખંડિત કરીશ નહીં. દ્રવ્ય–ગુણ–પર્યાયથી અખંડિત એક સત્પણે તું પોતાને અનુભવજે...એવા સત્ના એકત્વમાં કોઈ અશુદ્ધતા કે પરભાવ નહિ રહે, અપૂર્ણતા નહિ રહે. એકત્વની પૂર્ણતાથી તું સ્વયં શોભી ઊઠીશ.

જૈન–સંતોએ પોતાના એકત્વના અનુભવનું આ ગંભીર રહસ્ય મુમુક્ષુઓને બતાવ્યું છે. તે રહસ્યને સમજનાર મુમુક્ષુજીવ એમ અનુભવે છે કે ‘હું મારા આત્માને દ્રવ્યથી–ક્ષેત્રથી–કાળથી કે ભાવથી ખંડિત કરતો નથી. સુવિશુદ્ધ એક જ્ઞાનભાવરૂપે જ અનુભવું છું. ’ આવો એકત્વનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે, તે જ સુંદર છે.

**“એકત્વનિશ્ચયગત સમય સર્વત્ર સુંદર લોકમાં.”**

# સર્વજ્ઞને બોલાવીએ છીએ... નિર્વાણ તરફ જઈએ છીએ



પ્રભો સર્વજ્ઞમહાવીર! અઢીહજાર વર્ષ પહેલાંના આપના નિર્વાણમહોત્સવને આજે તાજો કરી, અમારા નાનકડા જ્ઞાનમાં પણ અમે આપનો સાક્ષાત્કાર કરીએ છીએ. અમારું નાનકડું (મતિશ્રુત) જ્ઞાન પણ જ્યારે આપની સાથે સંપર્ક કરે છે (–અંતર્મુખ થઈને સર્વજ્ઞસ્વભાવમાં જોડાય છે) ત્યારે તે પોતે પણ અતીન્દ્રિય થઈને એવું મહાન થઈ જાય છે કે સર્વજ્ઞતા પણ તેને પોતાથી જરાય દૂર નથી લાગતી. તે ઈન્દ્રિયોથી પાર થઈને અતીન્દ્રિયસુખના રસમાં તરબોળ બને છે.

પ્રભો! અમારું આવું જ્ઞાન સ્વયમેવ આનંદના ઉત્સવરૂપ છે. અમારા જ્ઞાનમાં આપ સદાય હાજરાહજુર વર્તો છો. આવું આ જ્ઞાન ઉત્સવપૂર્વક નિર્વાણની સાધના કરતું–કરતું આનંદમય પગલે નિર્વાણ–મંદિરમાં આપની સમીપ આવી રહ્યું છે....આપની પાસે પહોંચવાને હવે ઝાઝી વાર નથી.

–બ્ર. હ. જૈન

# નિર્વાણમહોત્સવ સમાચાર

## ભારતભરમાં ગાજી રહ્યું છે મહાવીરનું નામ,
## આનંદે સૌ ઉત્સવ ઉજવે વીરના ભક્તો તમામ.

### સમસ્ત ભારતનો જૈનસમાજ અભૂતપૂર્વ ચેતનાથી જાગી ઊઠયો છે.

કોણ કહે છે ભારતમાં આજે મહાવીર નથી! દિલ્હીમાં દેખો કે સોનગઢમાં, લાલમેદાનમાં દેખો કે નાની શેરીઓમાં દેખો, ભારતના ખૂણેખૂણામાં જ્યાં જુઓ ત્યાં તમને 'મહાવીર' નો અવાજ સંભળાશે; આજ આખોય દેશ મહાવીરપ્રભુના ગુણગાનથી ગુંજી રહ્યો છે. ચાલો, આપણે જોઈએ–સાંભળીએ કે ક્યાં શું બની રહ્યું છે! ને કેવી ધામધૂમથી ઉત્સવ ઉજવાઈ રહ્યો છે!

**દેખો,-આ છે પાટનગર દિલ્હી !** ઘણું મહાન સરઘસ ચાલી રહ્યું છે. સૌથી મોખરે પંચપરમેષ્ઠીનો વિજય સૂચવતો 'પચરંગી ધર્મધ્વજ' ફરકી રહ્યો છે. અને એક પછી એક ટ્રકમાં મહાવીર ભગવાનના જીવનની કેવી મજાની રચનાઓ શોભે છે! ત્રણસો તો રચનાઓ જૈનધર્મના મહિમાને પ્રસિદ્ધ કરી રહી છે. લાખો ભક્તજનો આનંદથી વીરનાથનો જય–જયકાર કરી રહ્યા છે, ત્યાગી વર્ગનો મોટો સમૂહ પણ આનંદથી હળીમળીને સરઘસમાં ચાલી રહ્યો છે ને વીરમાર્ગ પ્રત્યે ભક્તિ પ્રદર્શિત કરી રહ્યો છે. ભજન અને નૃત્ય મંડળીઓ આનંદપૂર્વક એકએકથી ચડિયાતા કાર્યક્રમો દેખાડી રહી છે. ચાર માઈલના રસ્તામાં લાખો નગરજનો તેમજ વિદેશી પ્રવાસીઓ આશ્ચર્યચકિત થઈને આ અભૂતપૂર્વ ધર્મજુલૂસ જોઈ રહ્યા છે અને એકબીજાને કહે છે કે અહા! આવું ભવ્ય ધાર્મિકસરઘસ દિલ્હીમાં આજે પહેલી જ વાર દેખ્યું. –જાણે મહાવીર ભગવાન જ પુનઃ પધારીને ભારતમાં મંગલ વિહાર કરી રહ્યા હોય! આખી દિલ્હી નગરી પણ પોતાના વહાલા નાથને પામીને આજે સોળે શણગારથી સુસજ્જ બનીને અદ્ભુત ખીલી ઊઠી છે! અનેરી શોભા વચ્ચે, ને અનેરા ઉત્સવ વચ્ચે ચાલતી વીરપ્રભુની શોભાયાત્રા સવારે ૧૧ વાગે શરૂ થઈને સાંજે છ વાગે લાલકિલ્લાના મેદાનમાં

પહોંચી. મહાવીરના બધાય ભક્તો એમાં ભાગ લઈ રહ્યા છે. અરે, પણ વચ્ચે મસ્જીદ પાસે આ શેનો કોલાહલ છે!! –વાહ, **જુઓ** તો ખરા! આપણા દેશના મુસ્લીમ ભાઈઓ પણ મહાવીર ભગવાનનો આ અભૂતપૂર્વ ઉત્સવ દેખીને કેવા પ્રમુદિત થઈ રહ્યા છે! તેઓ મહાવીર–સન્દેશ લખેલા ઝંડા વડે જુલૂસનું સ્વાગત કરી રહ્યા છે, ને સાકર – ઇલાયચી વહેંચી રહ્યા છે. કેટલા બધા ઊંટ–હાથી–ઘોડા પણ સુસજ્જિત થઈને જુલુસમાં ચાલતા થકા પોતાને ભાગ્યશાળી સમજી રહ્યા છે! ને બેન્ડવાજાં તો મંગલ નાદથી આખી નગરીને ગજાવી રહ્યા છે. આટલા બધા આપણા સાધર્મી ભાઈઓને એકસાથે દેખીને તથા મહાવીરશાસનનો આવડો મોટો મહિમા દેખીને કેવો આનંદ થાય છે!!– "વાહ ભાઈ વાહ! ધન્ય અવસર છે! '

સરઘસમાં લાખોની સંખ્યામાં યાત્રીઓ ભાગ લઈ રહ્યા છે, –પરંતુ કોઈને એ યાદ નથી આવતું કે અમે દિગંબર છીએ કે શ્વેતાંબર છીએ. બધાયને એક જ ધૂન લાગી છે કે અમે મહાવીરના સંતાન છીએ અને મહાવીરપ્રભુનો અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ ઉજવી રહ્યા છીએ. બધા ત્યાગીઓ–નેતાઓ–વિદ્વાનો તથા જનતા હળીમળીને ચાલી રહ્યા છે ને સમસ્ત જનતાનો એક જ અવાજ છે કે 'કલ્યાણ કરવું હોય તો વીરમાર્ગમાં આવો; મહાવીરનો વીતરાગી સન્દેશ જ જગતનું કલ્યાણ કરશે. ' સરઘસમાં કોઈ ગુજરાતી, કોઈ પંજાબી, કોઈ રાજસ્થાની, તો કોઈ મારવાડી,–એમ ચિત્રવિચિત્ર વેશભૂષા હોવા છતાં બધાયના મોંમાંથી એક જ ભાષા નીકળતી હતી કે 'ભગવાન મહાવીરકી જય! '

દિલ્હીના રામલીલા મેદાનમાં પંચપરમેષ્ઠીના માર્ગને પંચરંગી ધર્મધ્વજ દ્વારા પ્રસિદ્ધ કરી રહેલા સુસજ્જિત મંચ ઉપરથી ઘણી મોટી જાહેરસભાની વચ્ચે ભારતના વડાપ્રધાન શ્રીમતી ઇંદિરાબેન ગાંધીએ આખા રાષ્ટ્ર તરફથી ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ આપી અને ભારતના ગૌરવશાળી અધ્યાત્મ–વારસાની ચર્ચા કરતાં તેમણે કહ્યું કે આ એક અજબની–આશ્ચર્યકારી વાત છે કે બીજા દેશો પાસે ખૂબ જ ધનવૈભવ ને સુખસુવિધાઓ હોવા છતાં પણ તે દેશો આપણી સામે મીટ માંડીને બેઠા છે, કેમકે આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમને ગરીબી અનુભવાય છે. ભારતે દુનિયાને હંમેશાં અધ્યાત્મદાન દીધું છે. ભગવાન મહાવીર મહા વિજેતા (જિન–વર) હતા–એમ કહીને ઇંદિરાબેને કહ્યું કે મહા વિજેતા મહાવીરે આપણને એમ ઉપદેશ્યું છે કે એકબીજા અંદરોઅંદર લડો નહિ; લડવું જ હોય તો અંદર પોતાના દોષની સામે લડો, બીજાની સાથે નહિ;

પોતાના અંતરને ઢંઢોળો!–આ જ ભારતીય સંસ્કૃતિની સૌથી મહાન દેન છે. શ્રીમતી ગાંધી ઉપરાંત ભારત સરકારના અનેક પ્રધાનો પણ ઉપસ્થિત હતા. શ્રીમતી ઇંદિરાબેને જુસ્સાદાર ભાષામાં કહ્યું કે–'યહ સચ હૈ કિ આજ હમ આધુનિકતા ઔર વિજ્ઞાનકે યુગમેં બહ રહે હૈં–લેકિન આધુનિકતાકા મતલબ યહ નહીં કિ હમ અપની પ્રાચીન અધ્યાત્મસંસ્કૃતિકો છોડ દે યા ઉનસે કિનારાકસી કરને લગેં', આગળ જતાં તેમણે કહ્યું કે આપણે શાંતિ માત્ર મનુષ્યોમાં નહિ પણ બધા પ્રાણીઓમાં લાવવી છે, અને તે શાંતિનું સ્થાપન ભગવાન મહાવીરે આપેલા અહિંસા અને અપરિગ્રહના મૂળમંત્ર વડે જ થઈ શકે તેમ છે. અંતમાં ફરીને શ્રદ્ધાંજલિપૂર્વક તેમણે કહ્યું કે બાળકો અને નવી પેઢી ભગવાન મહાવીરના સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારો. (માનનીય રાષ્ટ્રપતિજીએ પણ પોતા તરફથી તેમજ સમસ્ત રાષ્ટ્ર તરફથી ભગવાન મહાવીર–નિર્વાણોત્સવ માટે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

નિર્વાણમહોત્સવના રંગમંચની શોભા અદ્ભુત હતી. આકાશમાં ફરકતો પંચરંગી જૈનઝંડો જાણે કે જનતાને પંચપરમેષ્ઠીના આશીર્વાદ જ દેતો હતો. જૈનસમાજના અગ્રિમ નેતાઓ શ્રીમાન્ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ તથા શ્રીમાન્ શેઠ શાંતિપ્રસાદજી સાહુજી વગેરેએ પણ પોતાની ઘણી ભાવભીની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સમસ્ત જૈનસમાજની જે એકતા જોવામાં આવી તે ઘણી ખુશીની વાત છે. આપણે બધા એકબીજા સાથે હળી–મળીને પ્રસન્નતાથી વીરગુણ ગાઈએ, ક્યાંય પણ **ક્લેશ** ન હોય, અને મહાવીરના શાસનમાં સૌ પોતપોતાનું આત્મહિત કરે–એ જ ભાવના; અને એ જ પ્રભુ મહાવીરનો સાચો મહોત્સવ છેઃ–બધાય જૈનોને તે ઇષ્ટ છે.

## આપણે દિલ્હીનો દરબાર જોયો; હવે ચાલો ઈન્દોર તથા અજમેર!

અહા, બંને જગ્યાએ અદ્ભુત રચના બની છે. ઇંદોરમાં જૈનધર્મચક્ર સાથે પચાસ હજારનો જનસમૂહ અભૂતપૂર્વ ઉત્સાહથી ભાગ લઈને જૈનધર્મના મહિમાને પ્રસિદ્ધ કરી રહ્યો છે. અજમેરમાં નિર્વાણધામ પાવાપુરીની રચના એવી સુંદર છે કે જાણે વીરનાથ ભગવાન ફરી પધારીને પાવાપુરીમાં ધર્મોપદેશ દઈ રહ્યા હોય! સમસ્ત જનતા ઘણા આનંદથી ભાગ લઇ રહી છે.

અજમેર, ઈન્દોર તથા બીજા અનેક સ્થળોએ સમસ્ત જૈનોએ હળીમળીને એક–સાથે જે ભવ્ય ધાર્મિક સરઘસ કાઢયું હતું તે અપૂર્વ અને અદ્વિતીય હતું.

(વધુ માટે જુઓ પાનું ૩૦)

# દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ બંને સ્વભાવવંત આત્મવસ્તુ છે

**[ ઘણા લોકોને નીચેનો એક પ્રશ્ન ઊઠે છે અને તેનું યથાર્થ સમાધાન મેળવવાને બદલે જે-તે રીતે તેનું સમાધાન કરી નાખે છે. એ પ્રશ્નનું યથાર્થ સમાધાન સમજવું ખાસ પ્રયોજનભૂત હોવાથી, પૂ. ગુરુદેવશ્રીએ અનેકવાર તેનું સ્પષ્ટીકરણ પણ કર્યું છે. તેના ઉપરથી અહીં તે સંબંધી નોંધ કરવામાં આવી છે. ]**

પ્રશ્નઃ– આત્માનો સ્વભાવ તો શુદ્ધ જ્ઞાયક છે, તે સ્વભાવમાં રાગદ્વેષ–અશુદ્ધતા નથી; તો પછી પર્યાયમાં જે અશુદ્ધતા છે તે આવી ક્યાંથી ?

(૧) કોઈ એમ કહે છે કે આત્માના સ્વભાવમાંથી તો શુદ્ધ જ પર્યાય પ્રગટે છે, પણ પછી તે પર્યાય પરલક્ષે અશુદ્ધ થઈ જાય છે. પ્રગટે ત્યારે શુદ્ધ હોય છે ને પછી પરલક્ષ કર્યું માટે અશુદ્ધ થઇ જાય છે. (કુવામાંથી પાણી નીકળે ને થાળામાંની કાળીજીરીના સંગથી કડવું થઈ જાય તેમ.)

દ્રવ્યમાંથી તો પર્યાય શુદ્ધ જ આવી ને પછી પરલક્ષે અશુદ્ધ થઈ–એ સમાધાન બરાબર નથી.

(૨) દ્રવ્યમાંથી અશુદ્ધતા નથી આવતી માટે નિમિત્તે તે અશુદ્ધતા કરાવી–એમ કોઈ કહે તો તે સમાધાન પણ બરાબર નથી.

(૩) દ્રવ્યની પર્યાયમાં અશુદ્ધતા થતી જ નથી. અશુદ્ધતા તો જડમાં થાય છે–એમ કોઇ કહે તો તે પણ બરાબર નથી. તેનું યથાર્થ સમાધાન નીચે પ્રમાણે સમજવું જોઇએ–

## સમાધાન

વસ્તુ અનેકાંતસ્વભાવી છે; સત્–અસત્, નિત્ય–અનિત્ય, એક–અનેક, દ્રવ્ય–પર્યાય વગેરે અનેક ધર્મો તેનામાં છે; તેમાંથી ચાલુ વિષયમાં દ્રવ્ય–પર્યાયરૂપ સ્વભાવ મુખ્ય લઈને સમાધાન કરવામાં આવે છે.

વસ્તુમાં બે સ્વભાવઃ એક દ્રવ્યસ્વભાવ; બીજો પર્યાયસ્વભાવ. એ બંને સ્વભાવને જાણતાં આખી વસ્તુનું યથાર્થ સ્વરૂપ જણાય છે. એકલા પર્યાયસ્વભાવને જ આખી વસ્તુ માની લ્યે તો તે પર્યાયમૂઢ છે, અને વસ્તુના પર્યાયસ્વભાવને જાણે જ નહિ, તો તે પણ મૂઢ છે.

આત્મા શુદ્ધજ્ઞાયક છે, તેના સ્વભાવમાં રાગ–દ્વેષ નથી, એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે તે દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ કથન છે, તે વખતે પર્યાયસ્વભાવ ગૌણ છે. એ દ્રવ્યસ્વભાવને જોતાં આત્મામાં અશુદ્ધતા છે જ નહિ ને તેમાંથી અશુદ્ધતા આવતી નથી.

–તો પર્યાયમાં અશુદ્ધતા કેમ?

પર્યાયસ્વભાવથી જોતાં, પર્યાયમાં જે અશુદ્ધતા છે તે આત્માની જ છે, આત્મા જ અશુદ્ધપર્યાયપણે પરિણમ્યો છે.

**જે ભાવમાં પ્રણમે દરવ તે-કાળ તન્મય તે કહ્યું;**
**જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. (પ્રવચનસાર ૮)**

“सम्यग्दर्शनमेतदेव नियमात् आत्मा च तावानयं” **(સમયસાર કળશઃ ૬)**

જે પર્યાયમાં વિકાર થયો તે પર્યાય પોતે જ તેવા સ્વભાવવાળી છે તે વિકાર

(૧) નથી તો દ્રવ્યસ્વભાવમાંથી આવ્યો.

(૨) પહેલાં તે પર્યાય દ્રવ્યમાંથી શુદ્ધ પ્રગટી ને પછી અશુદ્ધ થઇ એમ પણ નથી.

(૩) નિમિત્તે પણ તે અશુદ્ધતા કરાવી નથી, તેમ જ

(૪) જડમાં પણ તે અશુદ્ધતા થઇ નથી.

તે અશુદ્ધતા આત્માની પર્યાયમાં થઈ છે અને તેનું કારણ પણ તે પર્યાયસ્વભાવ જ છે.

અશુદ્ધતાને ‘પર્યાયસ્વભાવ’ કહ્યો તેથી ભડકવું નહિ, કેમકે પર્યાયસ્વભાવ એક જ સમયપૂરતો હોય છે, એટલે કે જે પર્યાયમાં વિકાર છે તે વિકાર તે પર્યાયના સમય પૂરતો જ છે, તે વિકાર કાંઈ દ્રવ્યસ્વભાવને વિકારી કરી નાંખતો નથી.

**જો આમ બે પ્રકારના સ્વભાવ (દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવ) ને સમજે તો, પર્યાયમાં વિકાર હોવા છતાં પણ શુદ્ધ દ્રવ્યની પ્રતીત રહ્યા કરે અને** શુદ્ધ દ્રવ્યની પ્રતીતના જોરે પર્યાયસ્વભાવ પણ નિર્મળ–નિર્મળ જ થતો જાય...

હવે, જે શુદ્ધપર્યાય થઈ તે પણ 'પર્યાયસ્વભાવ' છે. તત્કાળે આત્મા જ પોતાના પર્યાયસ્વભાવથી તે સમ્યક્ત્વાદિરૂપ થયો છે.–આમ પર્યાયરૂપે થનાર જે આત્મા, તેના આખા સ્વભાવને (દ્રવ્ય–પર્યાય બંનેના સ્વરૂપને) નક્કી કરનાર જીવ પોતાના શુદ્ધ દ્રવ્યગુણને અનુસરતો થકો શુદ્ધપર્યાયરૂપે જ પરિણમ્યા કરે છે. આ રીતે શુદ્ધસ્વભાવના સ્વીકારપૂર્વક સ્વભાવસન્મુખતાથી પર્યાયનો પ્રવાહ શુદ્ધ થવા માંડયો–એ અનેકાંત છે, એ જૈન સિદ્ધાંતનો સાર છે.

પર્યાયમાં જેને એકલું અશુદ્ધ પરિણમન છે તેણે પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણસ્વરૂપને જાણ્યું નથી, એટલે અનેકાન્તસ્વરૂપને જાણ્યું નથી, તે એકાન્તવાદી છે; એકાન્તવાદી એટલે મિથ્યાત્વી–તેને શુદ્ધતા ક્યાંથી હોય?

'દ્રવ્ય ગુણ તો શુદ્ધ છે, તો પછી પર્યાયમાં વિકાર ક્યાંથી આવ્યો?'–એમ જે પૂછે છે, તેને અહીં સમાધાન માટે કહેવામાં આવે છે કે–હે ભાઈ! "દ્રવ્ય–ગુણ તો શુદ્ધ છે"–એમ તું શા આધારે કહે છે? જો તેં ખરેખર દ્રવ્ય–ગુણની શુદ્ધતા જાણી હોય તો તે દ્રવ્ય–ગુણના આશ્રયે તારી પર્યાયમાં અંશે શુદ્ધતા પ્રગટી હોવી જોઈએ; અને જેમ અંશે શુદ્ધતા દ્રવ્યના આશ્રયે પ્રગટી તેમ પૂર્ણ શુદ્ધતા પણ દ્રવ્યના જ આશ્રયે પ્રગટશે–એવો પણ નિર્ણય ભેગો આવી જ ગયો. ત્યાં હવે વિકાર ક્યાંથી આવ્યો–તે વાત મુખ્ય ન રહી, પણ શુદ્ધતા મારા સ્વભાવમાંથી આવી–એમ શુદ્ધતાના કારણની જ મુખ્યતા રહી.

હવે જે જીવ પોતાના દ્રવ્યસ્વભાવને અને ગુણસ્વભાવને નક્કી કરે તે જીવ પર્યાયસ્વભાવને પણ જાણે જ. દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ જ છે અને પર્યાયસ્વભાવ ત્રિકાળ શુદ્ધ નથી પણ શુદ્ધ તેમ જ અશુદ્ધ છે–અર્થાત્ પર્યાયમાં શુદ્ધતા તેમ જ અશુદ્ધતા બંને પ્રકાર હોય છે. આમ જાણનાર જીવ વિકારને પણ (તે દ્રવ્ય–ગુણ સ્વભાવમાં ન હોવા છતાં) પર્યાયના સ્વભાવ તરીકે જાણે છે. દ્રવ્ય–ગુણના સ્વભાવને 'શક્તિ' કહેવાય છે ને પર્યાયના સ્વભાવને યોગ્યતા કહેવાય છે. દ્રવ્ય–ગુણનો સ્વભાવ એટલે કે શક્તિ તો ત્રિકાળરૂપ હોય છે અને પર્યાયનો સ્વભાવ એટલે કે યોગ્યતા તો વર્તમાનરૂપ–એક સમયપૂરતી હોય છે. શક્તિમાં અશુદ્ધતા ન હોય પણ યોગ્યતામાં શુદ્ધતા તેમ જ અશુદ્ધતા પણ હોઇ શકે. શક્તિ કારણરૂપ છે, યોગ્યતા કાર્યરૂપ છે. શુદ્ધ કારણને અવલંબીને શુદ્ધ કાર્ય થાય છે.

જેણે પોતાના દ્રવ્ય–ગુણના સ્વભાવની શુદ્ધતાને નક્કી કરી તેને તેના આશ્રયે પર્યાયમાં પણ અંશે શુદ્ધતા તો પ્રગટી ગઈ; તે પોતાના દ્રવ્ય–ગુણની શુદ્ધતાની દ્રષ્ટિથી એમ કહેતો

હોય કે "વિકાર આત્માનું કાર્ય છે જ નહિ, તે જડનું કાર્ય છે"–તો સ્વભાવદ્રષ્ટિ અપેક્ષાએ તેની વાત સાચી છે–પણ એવા જીવને તો પોતાની શુદ્ધસ્વભાવશક્તિનો આશ્રય વર્તતો હોવાથી શુદ્ધતા હોય છે ને અત્યંત અલ્પ જ વિકારો હોય છે અને તે પણ ક્ષણે ક્ષણે તૂટતો જાય છે. તેને મિથ્યાત્વાદિ તો હોતું જ નથી.

જેને પોતાની સ્વભાવશક્તિનું ભાન થઈને અજ્ઞાનનો નાશ થયો છે, તે જ બીજા જીવો સંબંધમાં એમ યથાર્થ જાણે છે કે "આ નિગોદાદિ બધા જીવોને દ્રવ્ય–ગુણ તો શુદ્ધ જ છે, છતાં પર્યાયમાં જે વિકાર છે તે તેમની પર્યાયનો તે પ્રકારનો સ્વભાવ છે. વિકાર છે તે તેમનો પર્યાયધર્મ છે. દ્રવ્ય કે ગુણ વિકારી નથી, એટલે આજનો વિકારી કાલે સ્વભાવશક્તિનો આશ્રય કરીને શુદ્ધ થઈ શકે છે." –એ રીતે, સાધક ધર્માત્માઓને જેમ પોતામાં પર્યાયબુદ્ધિ નથી તેમ સામા જીવને પણ તેઓ પર્યાયબુદ્ધિથી જોતા નથી,–તેને તેની વર્તમાન વિકારી પર્યાય જેટલો જ માની લેતા નથી પણ દ્રવ્યશક્તિને જોનારી તેમની દ્રષ્ટિ તો બધા જીવોને સિદ્ધ–સદ્રશ દેખે છે તેથી તે પવિત્ર દ્રષ્ટિમાં કોઈ ઉપર રાગ કે દ્વેષ નથી. અહો, એ વીતરાગી દ્રષ્ટિ!! તે દ્રષ્ટિને સિદ્ધ ઉપર રાગ નથી ને નિગોદ ઉપર દ્વેષ નથી; સિદ્ધ અને નિગોદ એવા ભેદને પણ તે નથી દેખતી, તે તો શુદ્ધસ્વભાવ – શક્તિપણે બધાય જીવોને સમાન જ દેખે છે. ખરેખર તો એ દ્રષ્ટિ પોતાના દ્રવ્યસ્વભાવ સિવાય બીજા કોઈને દેખતી જ નથી.

આવી પરમ મહિમાવંત પાવન દ્રષ્ટિ જેને પ્રગટે તે સંત 'કર્મ મારી પર્યાયને વિકારી કરી નાંખે છે '–એવી શૌર્યહીન તૂચ્છ વાતને કેમ સ્વીકારે? અખંડ સ્વભાવ–શક્તિને સંભાળીને તેનો ધણી થયો તે જીવ પોતાના પર્યાયસ્વભાવનું ધણીપણું બીજાને કેમ સોંપે? પોતે જ પોતાની પર્યાયનું ધણીપણું સ્વીકારીને, અખંડ શુદ્ધ શક્તિ સ્વભાવના સ્વીકારના બળવડે, તે પર્યાયમાં રહેલા વિકારને દૂર કરીને પૂર્ણ શુદ્ધતાપણે પરિણમી જશે. અને બીજા જીવોની પર્યાયમાં જે અશુદ્ધતા–વિકાર હશે તેને તે પરજ્ઞેયપણે એમ જાણશે કે તેની તે પર્યાયનો તેવો સ્વભાવ છે, કર્મ તેને વિકાર કરાવે છે એમ નથી.

આ રીતે **અનેક સ્વભાવવાળી વસ્તુને સમજે** તો સર્વ પ્રકારનું સમાધાન થઈ જાય; ને પોતાને સ્વાભાવિક શુદ્ધતા થતી જાય, અશુદ્ધતા છૂટતી જાય. **આનું નામ જૈનશાસન.**

## શ્રી મહાવીર-શાસનમાં
# * અનેકાન્તના અપૂર્વ ચમકારા *

( સમયસાર સ્યાદ્વાદ અધિકારના ૧૪ કળશના પ્રવચનમાંથી )

## સ્વતત્ત્વના દ્રવ્ય-ગુણ-પર્યાયની એકતારૂપ, અને સ્વ-પરના ભેદજ્ઞાનરૂપ અનેકાન્ત, વીતરાગી વીરમાર્ગમાં જ છે.

આ જ્ઞાયકસ્વભાવી આત્માનું અસ્તિત્વ પોતાના દ્રવ્ય–પર્યાયરૂપ અનેકાન્ત–સ્વભાવથી છે; અન્યવડે આનું અસ્તિત્વ નથી; અન્યના અસ્તિત્વથી આનું અસ્તિત્વ ભિન્ન છે.

અહો, પોતાના આવા સ્વરૂપ–અસ્તિત્વનું જેને વેદન થયું તે જીવ પોતાના અનંત સ્વભાવોથી પોતાને પરિપૂર્ણ જાણે છે, એટલે તેની સન્મુખ થઈને તેને જ તે ભાવે છે, – પોતે પોતાથી જ તૃપ્ત થઈ જાય છે.–આ મહાવીરમાર્ગના અનેકાન્તનો ચમત્કાર છે.

પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ આત્મા તે સ્વજ્ઞેય છે. પોતામાં જ પરિપૂર્ણ એવા આ સ્વજ્ઞેયને જાણતાં આત્મા પોતે પોતાથી જ અત્યંત તૃપ્ત–સુખી થઈ જાય છે. સ્વજ્ઞેયને જાણવાનું આ ફળ છે.

'એકત્વ–વિભક્ત' આત્મા કહો કે સ્વજ્ઞેય કહો, તેનું સ્વરૂપ બતાવીને મહાવીર શાસનમાં કુંદકુંદસ્વામીએ ભવ્યજીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેમના પ્રતાપે મહાવીરપ્રભુનું શાસન આજે પણ જયવંત વર્તે છે. તેને પામીને સ્વજ્ઞેયને જાણીને પોતાનું કલ્યાણ કરવાનો આ અવસર છે. તેમાંય અત્યારે તો મહાવીર ભગવાનના નિર્વાણનો ૨૫૦૦ વર્ષીય મહોત્સવ ચાલે છે. ભગવાને કહેલો માર્ગ સમજવો તે જ તેમનો સાચો મહોત્સવ છે. ભગવાને કહેલા માર્ગને ઓળખે પણ નહિ તો એકલી બહારની ધૂમધામથી આત્માને શો લાભ ? ( સમજ્યા વણ ઉપકાર શો ? )

### ❁ વીરનો માર્ગ સ્વાધીન છે....દેવો પણ તેમાં સહાય કરી શકતા નથી ❁

આત્માના મોક્ષનો માર્ગ, આત્મા પોતે એકલો જ પોતામાંથી સાધે છે; તે માર્ગને સાધવામાં સ્વર્ગના દેવો પણ સહાય કરી શકતા નથી, ત્યાં બીજાનું શું કામ છે ? ધર્મી

કહે છે કે દેવ સહાય કરવા આવે તોપણ મારે તેનું શું કામ છે? મારો ધર્મ તો મારા આત્માની અનુભૂતિવડે હું સાધી જ રહ્યો છું, દેવ આવીને તેમાં શું કરશે? મારા સ્વાધીન મોક્ષમાર્ગમાં નથી મારે કોઈની સહાયની જરૂર, કે નથી મને કોઈ વિઘ્ન કરનાર.–આવી સ્વાધીનતાને નહિ જાણનારા, રાગના ને વિષયોના ભીખારી જીવો મોક્ષને સાધી શકતા નથી. શૂરવીરને વળી સહાય શી? તેમ સ્વાધીન એવો મોક્ષમાર્ગ, તેમાં ચાલનારા વીર જીવોને અન્ય કોઈના આશ્રયની બુદ્ધિ હોતી નથી. અહો, આ તો એકત્વનો માર્ગ છે, સ્વાધીનતાથી શોભતો વીરોનો માર્ગ છે.

### ❀ સ્વજ્ઞેયને જે જાણે તે સ્વસમય છે: સ્વજ્ઞેયને જે ન જાણે તે ખરેખર જ્ઞાન જ નથી ❀

* જે પર્યાયે અંતર્મુખ થઈને આખા સ્વભાવને સ્વજ્ઞેયપણે જાણ્યો તે પર્યાય સ્વભાવમાં અભેદ થઈને પરિણમી, તેથી તે પર્યાય આત્માની જ છે અથવા અભેદપણે તે આત્મા જ છે–એમ કહ્યું;–પછી ભલે તે પર્યાયમાં સ્વ–પરને જાણવાનું સામર્થ્ય હોવાથી પરને પણ તે જાણે. આત્મામાં અભેદ થયેલી તે પર્યાય સ્વ–પરપ્રકાશકસ્વભાવપણે પરિણમે છે, તે તો તેનો સ્વભાવ જ છે. આવા આત્માને જે સ્વજ્ઞેય બનાવે છે તે સ્વસમય છે.

* અને, આવા જ્ઞાનસ્વભાવી સ્વજ્ઞેયને જે પર્યાય નથી જાણતી, ને સ્વના અસ્તિત્વને ભૂલીને એકલા પરજ્ઞેયને જાણવા જાય છે, તે પર સાથે એકત્વપણું માનીને અજ્ઞાનરૂપ પરિણમે છે, એટલે તેને ખરેખર જ્ઞાનસ્વભાવની પર્યાય કહેતા નથી. પર સાથે એકત્વ માન્યું માટે તેને પર પર્યાય જ કહી દીધી; ને એવી પર્યાયમાં જે સ્થિત છે તે જીવને પરસમયમાં સ્થિત કહ્યો.

### ❀ મોક્ષનું સાધક જ્ઞાન-તેનું લક્ષ્ય આત્મા છે ❀

* અરે, સ્વતત્ત્વનું અસ્તિત્વ જેમાં ન જણાય–એ તે જ્ઞાન કેવું? જ્ઞાનનું લક્ષ્ય તો પોતાના આત્મા હોવો જોઈએ. સ્વને ભૂલીને એકલા પરને જે લક્ષ્ય બનાવે છે તે જ્ઞાન સાચું નથી. સ્વને જાણે તે જ્ઞાન સ્વમાં તન્મય થઈને અનંતગુણના સ્વાદને એકસાથે અનુભવે છે, તે જ્ઞાન મોક્ષનું સાધક છે.

અહો, વીતરાગી જિનમાર્ગ! તારી બલિહારી છે...
તેં અનંતસુખમય જીવન આપ્યું છે.

* અહો, આવું સ્પષ્ટ સ્વ–પરનું ભેદજ્ઞાન તો વીતરાગી વીરમાર્ગમાં જ છે. જ્ઞાનનો

જે સ્વભાવ તેમાં રાગનો કોઈ અંશ ભળી શકે નહિ. રાગનું પરિણમન તે જ્ઞાનનું પરિણમન નથી. આમ જે નથી જાણતો તે જીવ રાગને જાણતાં તેમાં એકત્વબુદ્ધિથી જ્ઞાનનેય રાગરૂપ જ માનીને પોતાને રાગી જ અનુભવે છે. જ્ઞાની તો જ્ઞાનવસ્તુરૂપે જ પોતાનું અસ્તિત્વ જાણતો થકો, રાગને જાણતી વખતેય પોતાને તો જ્ઞાનભાવરૂપે જ અનુભવે છે.–આવા અનુભવનું નામ અનેકાન્ત છે, ને તે અનેકાન્ત આત્માને જીવાડે છે,–એટલે કે તે અનેકાન્તવડે ધર્મીજીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમતો થકો મોક્ષને સાધીને સદાકાળ અનંતસુખમય જીવન જીવે છે.–એ જ આત્માનું સાચું જીવન છે. આવું અનંતસુખમય જીવન વીતરાગી જિનમાર્ગના સેવનથી પ્રાપ્ત થયું છે; વાહ! બલિહારી છે–વીતરાગી જિનમાર્ગની! જયવંત વર્તો જિનમાર્ગ!

## ❀ ચૈતન્યભાવરૂપ આત્મામાં દ્રવ્ય-પર્યાય બંને એકસાથે છે ❀

(તેમાંથી એકને પણ ન માનનારા એકાંતવાદીઓ આત્માને સાધી શકતા નથી)

* ચૈતન્યસ્વરૂપ આત્મવસ્તુ,–કે જેમાં ચૈતન્યભાવ સાથે અનંત ધર્મો ભેગા જ વર્તે છે,–તે વસ્તુને નહિ અનુભવનારા કેટલાક તેને માત્ર અનિત્યપર્યાયરૂપ ક્ષણિક જાણે છે, નિત્ય ટકનાર દ્રવ્યસ્વભાવને જાણતા નથી; તે એકાન્તવાદીઓ આત્માને સાધી શકતા નથી.
* –એ જ રીતે ચૈતન્યભાવને જેઓ સર્વથા નિત્ય જાણે છે, ને તેમાં પર્યાય–પરિણમવારૂપ અનિત્યતા છે તેને નથી જાણતા, તેઓ પણ એકાન્તવાદી હોવાથી આત્માને સાધી શકતા નથી.
* એક ચૈતન્યભાવરૂપ વસ્તુ પોતે જ નિત્યતા–અનિત્યતા વગેરે અનંત સ્વભાવોરૂપ પરિણમે છે,–તેને જાણનાર ધર્મીજીવ પરથી ભિન્ન એવા પોતાના એકત્વને સાધે છે.

## ❀ જિનદેવના અનેકાન્તને કોઈ ઉલ્લંઘી શકે નહિ ❀

* સર્વજ્ઞદેવે કહેલું અનેકાન્તમય વસ્તુસ્વરૂપ તે જિનદેવનું અલંઘ્ય શાસન છે. – આવી અનેકાન્તમય જિનનીતિને જાણનાર ધર્માત્મા પોતાને શુદ્ધ ચૈતન્યપણે જ અનુભવતો થકો, કેવળજ્ઞાન પ્રગટ કરીને, અનંતચતુષ્ટયથી ઝગઝગતા સુપ્રભાતરૂપે ખીલી જાય છે.
* દ્રવ્ય–પર્યાય તે વસ્તુનું સ્વરૂપ જ છે, વસ્તુના તે સ્વરૂપને તોડી શકાય નહિ. તોડવા માંગે તેનું જ્ઞાન તૂટી જાય એટલે કે મિથ્યા થઈ જાય, પણ વસ્તુનું અનેકાન્તસ્વરૂપ તૂટે નહિ.

## ❀ પર્યાય વગરનો આત્મા નથી ❀

જ્ઞાનપર્યાય કે જે શુદ્ધ છે, ને રાગ–દ્વેષ વગર પદાર્થોને જાણવાનો જેનો સ્વભાવ છે,–તે પર્યાય વગરનો એકાન્ત ધ્રુવ–કૂટસ્થ આત્મા જે અનુભવવા માંગે છે–તે એકાન્તવાદી–મિથ્યાદ્રષ્ટિ છે. આત્મામાં અનિત્યતા અમારે નથી જોઇતી, એકલું ધ્રુવ જ જોઈએ છે–એમ માનીને જે પર્યાયનો નિષેધ કરે છે તેને જ્ઞાનવસ્તુનો જ નિષેધ થઈ જાય છે, એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્મા તેના અનુભવમાં આવતો નથી.

* આચાર્યદેવ અનેકાન્ત વડે તેને સાચું સ્વરૂપ સમજાવે છે કે ભાઈ! પર્યાય પણ તારો સ્વભાવ જ છે, તે કાંઈ બહારની ઉપાધિ નથી. જેમ નિત્યતા વસ્તુનો સ્વભાવ છે તેમ અનિત્યતા પણ વસ્તુનો સ્વભાવ છે.–બંને સ્વભાવવાળી વસ્તુને જાણ, તો જ તને સાચો અનુભવ થશે.

## ❀ વીરમાર્ગમાં અનેકાન્તનો સિંહનાદ ❀

**અનેકાન્ત એ તો વીરમાર્ગનો સિંહનાદ છે. મહાવીર ભગવાનનું લંછન સિંહ છે; સિંહ તે શૂરવીરતાનો સૂચક છે. તેમ મહાવીરમાર્ગમાં જિનવચનરૂપ સિંહનાદ સાંભળીને મુમુક્ષુજીવ વીતરાગી–વીરતાવડે મોક્ષમાર્ગને સાધે છે.** સિંહગર્જના થાય ત્યાં હરણીયાં ઊભા ન રહે, તેમ જ્યાં અનેકાન્તનો સિંહનાદ થાય ત્યાં એકાંત દ્રવ્ય કે એકાંતપર્યાય વગેરે મિથ્યાવાદરૂપી હરણીયાં ઊભા રહી શકતા નથી. અનેકાન્તસૂર્યનો પ્રકાશ દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુને એકસાથે પ્રકાશે છે.

## ❀ મોક્ષનો સત્ય મહોત્સવ....એટલે મોક્ષમાર્ગ ❀

અનેકાન્તમય શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે, બીજો માર્ગ નથી. શુદ્ધજીવની અનુભૂતિમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે ગર્ભિત છે, તે–રૂપે પરિણમેલો જીવ સિદ્ધપદને પામે છે. મહાવીર ભગવાન આવો માર્ગ બતાવીને, આ જ માર્ગે સિદ્ધપદને પામ્યા, તેને આ દીવાળીએ અઢીહજાર વર્ષ પૂરા થયા; તેનો ઉત્સવ અત્યારે આખા ભારતમાં ચાલી રહ્યો છે. **આપણે તો આવા મોક્ષમાર્ગની સમજણ કરીને તેવો માર્ગ પોતામાં પ્રગટ કરવો તે સત્ય મહોત્સવ છે,–કે જેનું ફળ મોક્ષ છે.**

## ❀ પરમગંભીર ચૈતન્યતત્ત્વને દેખનાર અનેકાન્તચક્ષુ....જૈનશાસનમાં જ છે ❀

અનેકાન્તરૂપી આંખવડે જ આત્મા જોઈ શકાય છે. રાગવડે, ઇન્દ્રિયોવડે આત્મા ન જણાય, એકપક્ષી જ્ઞાનવડે પણ આત્મા જણાય નહિ; અનંત સ્વભાવધર્મોથી પરમ ગંભીર એવું ચૈતન્યતત્ત્વ, તેને જાણનારું જ્ઞાન પણ અનેકાન્તવડે પરમ ગંભીર છે. જૈનશાસનમાં જ તેનો પાર પામી શકાય છે. ચૈતન્યના અનુભવરસમાં સમ્યગ્દર્શન – જ્ઞાન–ચારિત્ર–સુખ બધું સમાઈ જાય છે.

## ❀ બે દ્રવ્યોનું અસ્તિત્વ ભિન્ન છે, તેવી ભિન્નતા દ્રવ્ય-પર્યાય વચ્ચે નથી ❀

જેમ બે દ્રવ્યોનું ભિન્ન ભિન્ન અસ્તિત્વ છે, તેમ એક દ્રવ્યની અંદર દ્રવ્ય–ગુણ – પર્યાયનું ભિન્ન–ભિન્ન અસ્તિત્વ નથી, પણ એક જ અસ્તિત્વમાં તે બધા સમાય છે. બે દ્રવ્યો વચ્ચે તો પ્રદેશભેદ છે, દ્રવ્ય–ગુણ–પર્યાય વચ્ચે પ્રદેશભેદ નથી, અભિન્નપ્રદેશત્વ છે.

## એકલા ધ્રુવને જુદું શોધતાં અનુભવ ખોવાઈ જાય છે: ધર્માત્મા સર્વગુણોથી અભેદવસ્તુને અનુભવે છે.

### ( ધર્માત્માની અનુભૂતિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભેદ રહેતો નથી, એક સત્તા રહે છે )

એક જ આત્મવસ્તુમાં ધ્રુવપણું, અધ્રુવપણું, જ્ઞાનપણું, એકપણું, સત્‌પણું, વગેરે અનંત ગુણ–સ્વભાવો છે, તેનું દ્રવ્યથી અભિન્નપણું છે; તેમાંથી એકેક શક્તિનો ભેદ પાડીને ‘આત્મા ધ્રુવ છે, આત્મા જ્ઞાન છે, આત્મા અધ્રુવ છે’–એમ દેખતાં અનંત ભેદ પડી જાય છે–વિકલ્પની ઉત્પત્તિ થાય છે, ને અભેદરૂપ સાચા જીવનો અનુભવ ખોવાઈ જાય છે. **જુઓ**, ‘હું ધ્રુવ છું’–એ પણ એક નયનો વિકલ્પ છે; તેમાં આત્માનો અનુભવ નથી. આત્માના અનુભવમાં તો સર્વે ગુણોથી અભેદરૂપ વસ્તુ છે. અનંતધર્મો આત્મામાં છે ખરા,–પણ અનુભવમાં તેમનો ભેદ નથી. જો એક ધર્મને જુદો પાડવા જાય તો જીવનો અનુભવ ખોવાઈ જાય છે ને વિકલ્પનો **ક્લેશ** ઊભો થાય છે. ધર્મી તો ધર્મોમાં ભેદ પાડયા વગર નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર આત્મવસ્તુને અનુભવમાં લ્યે છે.

## ❀ અનુભવ કરનાર ધર્મીજીવ અનુભવમાં શું કરે છે ? ❀

न द्रव्येण खंडयामि, न क्षेत्रेण खंडयामि,
न कालेन खंडयामि, न भावेन खंडयामि,

सुविशुद्ध एको ज्ञानमात्रभावो अस्मि।

અનંતધર્મથી અભેદ શુદ્ધ ચેતનારૂપ મારા આત્માને અનુભવતો હું, મારા આત્માને દ્રવ્યથી ભેદ પાડીને ખંડિત કરતો નથી, ક્ષેત્રથી ભેદ પાડીને ખંડિત કરતો નથી, કાળથી ભેદ પાડીને ખંડિત કરતો નથી, કે ભાવથી ભેદ પાડીને ખંડિત કરતો નથી; અખંડિતપણે વસ્તુને રાખીને સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવરૂપે જ હું છું. **જુઓ**, 'હું મને અભેદ અનુભવું છું' એટલોય ભેદ ન લીધો, પણ 'હું સુવિશુદ્ધ જ્ઞાનમાત્રભાવ જ છું. ' –તેમાં સ્વદ્રવ્ય–સ્વક્ષેત્ર–સ્વકાળ ને સ્વભાવ સમાઈ જાય છે. સ્વદ્રવ્ય–સ્વક્ષેત્ર–સ્વકાળ – સ્વભાવ એમ જુદી જુદી ચાર સત્તા નથી, ચારે સ્વરૂપ એક જ સત્તા છે.

એક જીવવસ્તુમાં સ્વદ્રવ્યનો ધ્રુવઅંશ **જુદો**, ક્ષેત્રનો અંશ **જુદો**, સ્વપર્યાયરૂપ કાળનો અંશ **જુદો**, ને સ્વ ભાવોનો અંશ **જુદો**–એમ જુદાજુદા ચાર અંશો નથી. એકમાં ચારેય આવી જાય છે; જુદું જુદું એકેકનું ગ્રહણ અનુભૂતિમાં થતું નથી; અનુભૂતિમાં બધું ભેગું જ છે. ભેદ પાડીને ગ્રહણ કરવા જતાં વિકલ્પનો ઉદય થાય છે ને અનુભૂતિ અસ્ત થઈ જાય છે....તથા અનુભૂતિનો ઉદય થતાં ભેદો અસ્ત થઈ જાય છે.

## ઊંડી-ગંભીર-મહાન અનુભૂતિના આનંદનો મહિમા

જેમ એક મીઠી–મોટી–પીળી કેરીનું ગ્રહણ કરતાં તેના સ્પર્શ–રસ–ગંધ–વર્ણ જુદા નથી રહેતા, કેરીના ગ્રહણમાં તે બધાનું ગ્રહણ થઈ જાય છે; તેમ અનુભૂતિમાં ચૈતન્યવસ્તુનું ગ્રહણ કરતાં તેના સ્વદ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવો, ઉત્પાદ–વ્યય–ધ્રુવ, દ્રવ્ય – ગુણ–પર્યાય, એમ બધા સ્વભાવોનું એકસાથે ગ્રહણ થઈ જાય છે, તેમાં ખંડ–ખંડરૂપ ભેદ રહેતો નથી.–અહો, આવી અનુભૂતિના મહાન અતીન્દ્રિય આનંદને ધર્મી જ જાણે છે.

અરે જીવ! અનુભૂતિ માટે આત્મામાં કેટલે ઊંડે જવાનું છે–તે તો જો. આટલી ઊંડી ગંભીર તારી વસ્તુ, તેમાં જવા માટે બહારના રાગાદિભાવો શું કામ આવવાના છે? અંદરના એકેક ગુણનો વિચાર પણ અનુભૂતિને અટકાવે છે ત્યાં બીજા બહારના ભાવોની શી વાત? સીધો અંદરની વસ્તુમાં ઊતરી જા, ને આત્માને પકડી લે, ત્યારે જ તારા સ્વતત્ત્વનાં દર્શન તને થશે, ને એનું દર્શન થતાં તને તારો અપૂર્વ આનંદ સ્વાદમાં આવશે, તારું ભવભ્રમણ મટી જશે.–અહા, આવા અનુભવની શી વાત?

**-આવો અનુભવ તે જ ભગવાન મહાવીરનો માર્ગ છે.**

* * * * *

## ❀ સાધકદશાની અદ્‌ભુતતા !-તેમાં મુક્તિ પણ સ્પર્શે છે ❀

પોતાના સ્વરૂપનો અનુભવ કરનાર સાધક ધર્માત્મા આત્માના પરમ અદ્‌ભુત મહિમાનો સાક્ષાત્કાર કરે છેઃ અહો, ચૈતન્યસ્વભાવની ગંભીરતાનો કોઈ પરમ અપાર મહિમા છે. પર્યાયમાં એક તરફથી જોતાં વીતરાગી શાંતિ વેદાય છે; ને વળી બીજી તરફ કષાયનો કોલાહલ પણ દેખાવ દે છે.–જુઓ, આ સાધકભાવ! એકલો કષાય નથી તેમ કષાયનો સર્વથા અભાવ પણ થયો નથી; કંઈક શાંતિ, ને કંઈક દુઃખ, બંને ભાવો પોતાની એકપર્યાયમાં એકસાથે વર્તે છે; છતાં ભેદજ્ઞાન તે બંને ભાવોને સર્વથા ભિન્ન જાણે છે.–આવી સાધકદશા આશ્ચર્યકારી છે; તેમાં ચૈતન્યનો મહિમા અદ્‌ભુત છે,–તે તો સદાય સાધકના જ્ઞાનમાં વર્તે જ છે.–રાગ વખતેય કાંઈ ચૈતન્યની અદ્‌ભુતતાનો મહિમા ચુકાતો નથી.

જ્ઞાનીને વળી કષાય હોય?–જ્ઞાનચેતનાની સાથે સાધકને તે ભૂમિકાને યોગ્ય કષાય (દશમા ગુણસ્થાન સુધી) વર્તે છે, પણ જ્ઞાનીની વિશેષતા એ છે કે તેની જ્ઞાન–ચેતના જે ખીલી છે તે તો કષાય વગરની શાંતરસમાં જ લીન છે; તેને ચેતનાનું કાર્ય અને કષાયનું કાર્ય–બંને તદ્દન **જુદા** જ ભાસે છે; ચેતનાને અને કષાયને–એકબીજાને કાંઈ લાગતું–વળગતું નથી. **જુઓ**, આ ધર્માત્માની અદ્‌ભુતતા! એક જ પર્યાયમાં બે ભાવો, છતાં બંને ભાવોને જરાય કર્તા–કર્મપણું નથી, જ્ઞાનચેતના કષાયને કરતી નથી કે ભોગવતી નથી. એટલે જ્ઞાનચેતનામાં તો શાંતિ અને મુક્તિ જ સ્પર્શે છે.

## સંબોધન

* અલી સખી! એવા દર્પણને તે શું કરવું?–કે જેમાં આત્માનું પ્રતિબિંબ ન દેખાય. મને તો આ જગત બહાવરું પ્રતિભાસે છે–કે જેને ગૃહપતિ ઘરમાં હોવા છતાં તેનું દર્શન નથી થતું.

* જીવતાં જ જેને, પાંચ ઇન્દ્રિયસહિત મન મરી ગયું તેને મોકળો– છૂટો જ જાણો; નિર્વાણપંથ તેણે પ્રાપ્ત કરી લીધો.

* હે વત્સ! થોડા કાળમાં જેનો ક્ષય થઈ જાય છે–તેવા ઘણા અક્ષરોને તારે શું કરવા છે? મુનિ તો જ્યારે અનક્ષર (શબ્દાતીત–ઇન્દ્રિયાતીત) થાય છે ત્યારે મોક્ષને પામે છે. (પાહુડ દોહાઃ ૧૨૨–૨૩–૨૪)

# ધર્માત્માનો આત્મવ્યવહાર

## [ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ સ્વઘરમાં વસવાની રીત ]

[ કારતક સુદ ૧૧ ના રોજ સોનગઢમાં સુરેન્દ્રનગરના ભાઈશ્રી જગજીવન ચતુરદાસના મકાન 'કહાન-જગ-મોતી' ના વાસ્તુપ્રસંગે પ્રવચનસાર ગા. ૯૪ ના પ્રવચનમાંથી. ]

ચૈતન્યસ્વરૂપ આત્મા તે સ્વવસ્તુ છે, તેમાં વસવું-પરિણમવું તે સ્વઘરમાં વાસ્તુ છે; મકાન-શરીરાદિ પરવસ્તુ છે, તેમાં પોતાનું એકત્વ માનીને જે પરભાવમાં પરિણમી રહ્યો છે તે પરઘરમાં ભમે છે-સંસારમાં રખડે છે.

ભાઈ, તારું સ્વતત્ત્વ તારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. તેમાં તું બીજાનો પ્રવેશ કરાવવા માંગે તો તે થઈ શકે નહિં; તારું તત્ત્વ બીજામાં જઈને શરીરાદિની કાંઈ ક્રિયા કરે-એમ પણ બનતું નથી. આવું ભિન્નપણું જે નથી જાણતો ને શરીરરૂપે પોતાનું અસ્તિત્વ માનીને ( હું મનુષ્ય છું, હું દેવ છું-એમ માનીને ) મનુષ્યત્વાદિ વ્યવહારરૂપે વર્તે છે તેઓ પર્યાયમૂઢ-પરસમય છે એટલે કે અધર્મી છે.

અને મારું ચેતનપણું, શરીરાદિ પરથી ભિન્ન મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ સત્ છે-એમ પોતાના અસ્તિત્વને પોતામાં જ દેખતો થકો, જે અવિચલિત ચેતનાવિલાસરૂપે વર્તે છે તે શુદ્ધ આત્મવ્યવહારમાં વર્તે છે એટલે તે જીવ સ્વસમય છે-સ્વધર્મી છે.

- સ્વદ્રવ્યમાં રત જીવ સ્વસમય છે ને તે ઉત્તમગતિરૂપ મોક્ષને પામે છે.
- જે પરદ્રવ્યમાં રત છે તે પરસમય છે, ને તે દુર્ગતિરૂપ સંસારને પામે છે.

એ મહા સિદ્ધાંત કુંદકુંદસ્વામીએ મોક્ષપ્રાભૃતમાં બતાવ્યો છે.

- જેઓ સ્વદ્રવ્યને જાણીને તેમાં જ રત છે તેમને પર સાથે કાંઈ સંબંધ નથી, એટલે ક્યાંય રાગ-દ્વેષ નથી, તે વીતરાગ થઈને મોક્ષદશારૂપ સુગતિને પામે છે.
- સ્વદ્રવ્યને ભૂલીને જેઓ પરસાથે સંબંધ માને છે, તેઓ પરમાં ઈષ્ટ-અનિષ્ટ-બુદ્ધિથી રાગ-દ્વેષ કરતા થકા સંસારરૂપ દુર્ગતિમાં ભ્રમણ કરે છે.

સ્વસમયમાં **સ્થિતિ** શુદ્ધોપયોગવડે થાય છે. રાગપરિણામવડે સ્વસમયમાં **સ્થિતિ**

થતી નથી, ભાઈ, તું મહાવીર ભગવાનના માર્ગમાં આવ્યો, તો મહાવીરભગવાનનો માર્ગ તો આ છે કે પરથી ભિન્ન એવા પોતાના સ્વસમયને જાણીને તેમાં સ્થિત થા. અનેકાન્તદ્રષ્ટિવડે સ્વદ્રવ્યગુણપર્યાયને પરથી **જુદા** જાણીને તેનો જ આશ્રય કર; સ્વ–સન્મુખ પરિણમીને શુદ્ધચેતનારૂપ આત્મવ્યવહારનો આશ્રય કર,–એટલે કે શુદ્ધ–ચેતના–પરિણતિને અંગીકાર કર,–તો તને સ્વસમયપણું થશે.–એ જ મહાવીરશાસનનો સાર છે.

❀ જેઓ અનેકાંતદ્રષ્ટિવાળા સ્વસમય–ધર્મી છે તેઓ મનુષ્યવ્યવહારના ક્રિયાકલાપને ભેટતા નથી, પણ તેનાથી પોતાની ચેતનાને ભિન્ન જાણીને ચેતનરૂપ સ્વદ્રવ્યને જ ભેટે છે.

❀ પર પ્રત્યે પરમ ઉદાસીનતાને લીધે તેમને રાગ–દ્વેષના ઉન્મેષ અટકી જાય છે.

❀ પરદ્રવ્યની સંગતિ છોડી છે ને કેવળ સ્વદ્રવ્યની જ સંગતિ કરી છે તેથી સ્વદ્રવ્યના આશ્રયે શુદ્ધપરિણતિરૂપ સ્વસમયપણું થાય છે.

–આવું સ્વસમયપણું તે જ જિનેશ્વરભગવંતોનો માર્ગ છે.

હું મનુષ્ય છું, શરીરાદિની ક્રિયાઓ મારી છે, તેને હું કરું છું, ધન–મકાન–પુત્રાદિ મારાં ને હું તેનો માલિક–એમ માનીને વર્તવું તે અજ્ઞાનીનો મનુષ્યવ્યવહાર છે. જ્ઞાની એવા મિથ્યા ( અસદ્‌ભુત ) વ્યવહારમાં આત્માપણે વર્તતા નથી.

શરીર અને સંયોગો બદલવા છતાં હું તો તેનાથી **જુદો** મારી ચેતનારૂપે જ અવિચલ રહું છું–એમ પોતાની ચેતનારૂપે જ વર્તન તે જ્ઞાનીનો આત્મવ્યવહાર છે; જ્ઞાની તેમાં વર્તે છે.

દેહ અને આત્માને એક માનીને મનુષ્યાદિ પર્યાયમાં જેઓ લીન વર્તે છે તેઓ એકાંતદ્રષ્ટિવાળા છે, તેઓ મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા થકા રાગી–દ્વેષી થાય છે ને સંસારમાં રખડે છે. સ્વજ્ઞેયને તેઓ જાણતા નથી, ને પરજ્ઞેયમાં તન્મયપણું માનીને જડકર્મ સાથે સંબંધ કરીને, પરસમય થઈને સંસારમાં રખડે છે.

અનેકાંતદ્રષ્ટિવાળા ધર્મી જીવો, ચેતનાલક્ષણવડે પોતાને પરદ્રવ્યથી સર્વથા ભિન્ન અનુભવતા થકા, સ્વજ્ઞેયને જાણતા થકા, ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે; તેઓ પરદ્રવ્યો પ્રત્યે ઉદાસીન વર્તતા થકા, રાગ–દ્વેષરૂપે નહિ થતા થકા, કેવળ ચિન્માત્ર સ્વદ્રવ્યમાં જ એકત્વપણે પરિણમતા થકા, શુદ્ધચેતનારૂપ આત્મવ્યવહારનો આશ્રય કરે છે, તેઓ સ્વસમય છે, ને આનંદમય પરમાત્મપદને પામીને સદાકાળ સ્વઘરમાં વસે છે,

તે અપૂર્વ મંગળ વાસ્તુ છે.

## ‘દ્રવ્યગુણપર્યાય’ રૂપ વસ્તુના એકત્વ વડે જ પર્યાયબુદ્ધિ ટળે છે.

પ્રવચનસાર જ્ઞેયઅધિકારમાં–तेसिं पुणो पज्जाया–એટલે કે દ્રવ્યગુણથી પર્યાયો થાય છે,–એ અલૌકિક વાત કરી છે. તે વાત જેઓ નથી સમજી શકયા, તેઓ પર્યાયમૂઢ છે. જેઓ એકલી પર્યાયને જ જાણે છે પણ દ્રવ્ય–ગુણમાંથી પર્યાય આવે છે એમ નથી જાણતા, એટલે કે જેઓ દ્રવ્ય–ગુણમાંથી પર્યાય આવે છે એમ માનીને દ્રવ્યનો આશ્રય નથી કરતા ને પર્યાયનો જ આશ્રય કરે છે, તેઓ પર્યાયમૂઢ છે, ને પર્યાયમૂઢ તે પરસમય એટલે કે મિથ્યાદ્રષ્ટિ છે.

દ્રવ્ય–ગુણથી પર્યાયો થાય છે એમ નક્કી કરતાં પરનો આશ્રય છૂટી ગયો ને દ્રવ્યનો આશ્રય થયો–દ્રવ્યસન્મુખ પરિણમન થવા માંડયું. વર્તમાન પર્યાય તો દ્રવ્ય – ગુણમાંથી આવે છે એમ નક્કી કર્યું એટલે ત્રિકાળી રહેનાર અને પરિપૂર્ણ એવા દ્રવ્યગુણ સાથે પર્યાયનો સંબંધ થતાં, તે ત્રિકાળના આશ્રયે પર્યાયમાં નિર્મળતાનું જોર પ્રગટયું. પણ દ્રવ્ય–ગુણમાંથી પર્યાય ન માનતાં પર્યાયને જ માને તો પર્યાયના આશ્રયે પર્યાયમાં નિર્મળતાનું જોર આવતું નથી; જે દ્રવ્ય–ગુણના આશ્રયે પર્યાય ન માને તે પર્યાયનો સંબંધ પર સાથે માને, પરંતુ પર સાથે તો બિલકુલ સંબંધ નથી એટલે તેને પર્યાયમાં કાંઈ જોર આવતું નથી. કેમકે પરમાંથી તો કાંઈ પર્યાયનું જોર આવતું નથી; તે જોર તો દ્રવ્ય–ગુણમાંથી જ આવે છે, (માટે तेसिं पुणो पज्जाया એટલે દ્રવ્યગુણથી પર્યાયો છે– એ રીતે દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુનું એકત્વ (અનન્યત્વ) જાણીને, દ્રવ્યસ્વભાવમાં અંતર્મુખ થવાનું ને પરથી પરાંગ્મુખ થવાનું શ્રી આચાર્યદેવે બતાવ્યું છે. વર્તમાન અંશ છે તે આખા અંશીમાં અંતર્મુખ ન વળે એટલે કે એકત્વની અનુભૂતિ ન કરે ત્યાં સુધી ‘દ્રવ્ય’ ની શ્રદ્ધા બેસે નહિ ને પર્યાયમૂઢતા ટળે નહિ.

ધ્રુવ દ્રવ્ય તો કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો પર્યાય છે, તે પર્યાય અંતર્મુખ થઈને ધ્રુવ દ્રવ્ય તરફ વળે એટલે કે તન્મયતા કરે તો જ દ્રવ્યને માન્યું કહેવાય ને ત્યારે જ ‘દ્રવ્યની પર્યાય’ માની કહેવાય. જો પરાશ્રય છોડીને સ્વાશ્રય–દ્રવ્ય તરફ ન વળે તો તેણે ‘દ્રવ્યની પર્યાય છે’ એમ ખરેખર માન્યું ન કહેવાય. ‘પર્યાય દ્રવ્યની છે’ એવી માન્યતા થતાં દ્રવ્યસન્મુખી પરિણમન થયા વગર રહે નહિ.

દ્રવ્ય જુદું ને પર્યાય જુદી–એમ માનવું તે પણ ભેદબુદ્ધિ છે. દ્રવ્ય–પર્યાયના ભેદથી પાર જે કોઈ પરમ સત્ તત્ત્વ છે તે સર્વોપરિ તત્ત્વના સ્વીકારમાં જ પર્યાયબુદ્ધિ છૂટી જાય છે.

**‘દ્રવ્યની પર્યાય છે’ એમ જાણવાનું ફળ સ્વસન્મુખ પરિણમન છે.**

## હવે જીવ !

વીતરાગી સંતના દરબારમાં તારે બેસવું હોય તો તું તારા પરમાત્મસ્વરૂપને સંભાળીને સમ્યગ્દ્રષ્ટિ થા. સંતોના વીતરાગી દરબારમાં બેસવાનો અધિકાર સમ્યગ્દ્રષ્ટિને જ છે.

## વીતરાગમાર્ગ

અહા, વીતરાગમાર્ગ તો વીતરાગ જ છે. આત્માનો જે આનંદ છે તે વીતરાગમાર્ગમાં જ છે. જય હો વીતરાગમાર્ગનો....જય હો જૈનધર્મનો.

## શાંત....શાંત

આ જગતમાં આ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે એવો શાંત છે–એવો મહાન છે–કે કોઈપણ પરિસ્થિતિની પાછળ ખેંચાઇને અશાંત ( ખેદખિન્ન ) થયા વગર તે પોતાની શાંતિના મધુરા વેદનમાં રહી શકે છે.

વાહ ! ચૈતન્ય–શાંતિનું વેદન કેવું મધુર છે !

**દેહબુદ્ધિજન આત્મને કરે દેહસંયુક્ત**
**આત્મબુદ્ધિજન આત્મને તનથી કરે વિમુક્ત.**

# જિનપરમેશ્વર મહાવીરે કહેલી અનેકાન્તમય ઉત્તમ વસ્તુવ્યવસ્થા

**જે પર્યાયમૂઢ છે તે પરસમય છે. તે જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ અશુદ્ધપર્યાયનો જ આશ્રય કરતો થકો પરસમયરૂપ થઈને સંસારમાં રખડે છે. અને ધર્મી અવિચલિત ચેતનાવિલાસરૂપ આત્મવ્યવહારને અંગીકાર કરીને મોક્ષમાર્ગને સાધે છે.**

પર્યાયમૂઢને પરસમય કહ્યો–માટે પર્યાયને આત્માની માનવી જ નહિ–એ વાત સાચી છે?–ના; પર્યાયને પરસમય નથી કહી, પણ પર્યાયમાં જ જે મૂઢ છે તેને પરસમય કહેલ છે. પર્યાય પોતે પરસમય નથી, પર્યાયસ્વરૂપ ને ગુણસ્વરૂપ તો વસ્તુ પોતે જ છે. વસ્તુ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી જુદી નથી. ગુણસ્વરૂપ જે દ્રવ્ય છે તે જ પર્યાયરૂપ પરિણમે છે, ને તેનાથી તે અભિન્ન છે.

પર્યાયમૂઢ તે પરસમય કહ્યો, તેનો અર્થ એમ નથી કે પર્યાયને આત્માની માનવી જ નહીં. પર્યાયો ને ગુણોસ્વરૂપ તો આત્મા છે જ; પણ ગુણ–પર્યાયસ્વરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુને ન જાણતાં, એકલી અસમાનજાતીય પર્યાયને જ જે આત્માનું સ્વરૂપ માની લ્યે છે, એ રીતે પોતાને દેવાદિ પર્યાયરૂપે કે રાગાદિ અશુદ્ધભાવરૂપે જ જે અનુભવે છે, તે જીવ પર્યાયમાં જ મૂઢ હોવાથી (ને શુદ્ધદ્રવ્ય–ગુણને ભૂલી ગયો હોવાથી) મૂઢ–મિથ્યાદૃષ્ટિ છે. શુદ્ધ ગુણ–પર્યાયના પિંડરૂપ જે સાચું આત્મતત્ત્વ છે તેને તે પ્રાપ્ત કરી શકતો નથી. અજ્ઞાની અશુદ્ધ પર્યાયરૂપે પરિણમતો થકો, તેટલો જ પોતાને અનુભવે છે. જો શુદ્ધચેતનાપર્યાયને અનુભવે તો–તો પોતાના શુદ્ધ દ્રવ્ય–ગુણને પણ ઓળખી જ લ્યે, કેમકે શુદ્ધ ચૈતન્યરૂપ ગુણ–પર્યાયથી અભેદવસ્તુ તે જ આત્મા છે.–અને એ જ જિનપરમેશ્વરે કહેલી ઉત્તમ વસ્તુવ્યવસ્થા છે, આ સિવાય બીજી કોઇ વ્યવસ્થા ભલી નથી.

ચેતનપર્યાય છે તે આત્માની જ છે, ને આત્માના દ્રવ્ય–ગુણોથી જ તે થયેલી છે. તે પર્યાયને આત્માના દ્રવ્ય–ગુણથી થયેલ ન માનતાં પરથી થયેલી જે માને તે પણ પર્યાયબુદ્ધિ છે. મારી પર્યાય મારા દ્રવ્ય–ગુણથી થાય છે–એમ સમ્યક્પ્રકારે જે જાણે

છે તેને તો પર્યાય દ્રવ્ય–ગુણમાં અભેદ થઇને શુદ્ધતારૂપ પરિણમેલી છે. અશુદ્ધપર્યાયો તે પરસમયો છે; ને આત્માના સ્વભાવઆશ્રિત થયેલી શુદ્ધચેતનાપર્યાય તે તો અવિચલિત ચેતના વિલાસરૂપ આત્મવ્યવહાર છે, ને તેને તો ધર્મી અંગીકાર કરે છે. તેમાં પર્યાય–બુદ્ધિ નથી, પણ સ્વદ્રવ્યના સંગે સ્વસમયરૂપ પરિણમન છે–મોક્ષમાર્ગ છે.

જ્ઞેય એટલે સ્વ અને પર બધાય તત્ત્વો; તેમાં પોતાનો શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાય–સ્વરૂપ આત્મા તે સ્વજ્ઞેય છે; તેને જાણીને શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન થાય છે. હું જ્ઞાયક–સ્વભાવી આત્મા છું; મારું અસ્તિત્વ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ સ્વજ્ઞેયમાં પૂરું થાય છે; અન્ય વડે મારું અસ્તિત્વ નથી; અન્યના અસ્તિત્વથી તદ્દન ભિન્ન મારું અસ્તિત્વ છે.

અહો, જેને પોતાના આવા સ્વરૂપ–અસ્તિત્વનું વેદન થયું તે જીવ પોતાના અનંત સ્વભાવોથી પોતાને પરિપૂર્ણ દેખે છે, એટલે સ્વસન્મુખ થઈને તેને જ તે ભાવે છે; પોતે પોતાથી જ તૃપ્ત–સુખી થઈ જાય છે. આ સ્વજ્ઞેયને જાણવાનું ફળ છે.

## બે વ્યવહારઃ એક મોક્ષનું કારણ; એક સંસારનું કારણ

ચૈતન્યમય શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયની અભેદતારૂપ સ્વજ્ઞેયની અનુભૂતિમાં તો રાગ પણ પરજ્ઞેયપણે બહાર રહી જાય છે; ત્યાં તો આત્મા પોતાની અવિચલિત ચેતના સાથે આનંદમય વિલાસમાં વર્તે છે;–આ જ ધર્મીનો વ્યવહાર છે, ને આવો વ્યવહાર તે મોક્ષનું કારણ છે. શુદ્ધચેતનારૂપ વર્તન કહો, મોક્ષનું સાધન કહો, આત્માનો શુદ્ધ વ્યવહાર કહો કે ધર્મીજીવની ક્રિયા કહો.–આવો શુદ્ધ આત્મવ્યવહાર અજ્ઞાની જીવને હોતો નથી; પોતાના નિશ્ચયસ્વભાવના ભાનસહિત ધર્મીને જ આવો વ્યવહાર હોય છે.–આવો વ્યવહાર ધર્મીએ અંગીકાર કરવા યોગ્ય છે. પણ 'હું મનુષ્ય છું, હું દેવ છું, હું રાગી–દ્વેષી છું'–એવી સ્વ–પરની એકત્વબુદ્ધિપૂર્વકનો જે મનુષ્યત્વાદિ વર્તનરૂપ વ્યવહાર–તે તો અજ્ઞાનીને વહાલો છે, ધર્મી જીવો તેવા વ્યવહારને અંગીકાર કરતા નથી; અજ્ઞાનીનો તે વ્યવહાર સંસારનું કારણ છે. ધર્માત્માને શુદ્ધચેતનાવિલાસરૂપ જે શુદ્ધઆત્મવ્યવહાર છે (–જેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાય છે) તે સ્વજ્ઞેયરૂપ છે ને તે મોક્ષનું કારણ હોવાથી અંગીકાર કરવા યોગ્ય છે.

'એકત્વ–વિભક્ત' આત્મા કહો કે 'સ્વજ્ઞેય' કહો,–મહાવીરશાસનમાં તેનું સ્વરૂપ બતાવીને કુંદકુંદસ્વામીએ ભવ્યજીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેમના પ્રતાપે મહાવીરપ્રભુનું શાસન આજે પણ જયવંત વર્તી રહ્યું છે, તેને પામીને સ્વ–પરજ્ઞેયોને જાણીને, પોતાનું કલ્યાણ કરવાનો આ અવસર છે. તેમાંય અત્યારે તો ભગવાનના નિર્વાણના ૨૫૦૦ વર્ષનો મહોત્સવ ચાલે છે.

જય મહાવીર

# સર્વજ્ઞ મહાવીરનો ઇષ્ટઉપદેશ

ભગવાન સર્વજ્ઞે જગતના જડ–ચેતન બધા પદાર્થોને ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ જોયા છે. કોઈપણ સત્‌વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવતા એવા ત્રણે ભાવસ્વરૂપ એકસાથે વર્તે છે. આત્મા હો કે જડ હો–તે દરેક વસ્તુ સ્વયમેવ ઉત્પાદ–વ્યય–ધ્રુવતારૂપ છે, તેમાં અન્ય કોઈની અપેક્ષા નથી.

સમ્યક્‌ત્વાદિ કોઈપણ વર્તમાન ભાવનો ઉત્પાદ, તે જ વખતે પૂર્વના મિથ્યાત્વાદિ ભાવનો વ્યય, અને તે જ વખતે જીવત્વ વગેરે સ્વભાવભાવની ધ્રુવતા,–એમ એક જ સમયમાં જીવને ઉત્પાદ–વ્યય–ધ્રુવ વર્તે છે; અને એ રીતે ત્રણે કાળના પ્રવાહમાં તે પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપે જ રહેલ છે.

અહા, એક જ સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતાનું હોવાપણું, અને તે બીજા કોઈના કર્યા વગર,–આવું સૂક્ષ્મ વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ વિના કોઈ જાણી શકે નહિ. તેથી મહાન સ્તુતિકાર સમંતભદ્રસ્વામી સર્વજ્ઞની સ્તુતિ કરતાં કહે છે કે અહો જિનદેવ! જગતના બધા પદાર્થો સમયેસમયે ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ છે, એવું આપનું કથન તે જ આપની સર્વજ્ઞતાની નિશાની છે.

આવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ સિવાય કોઈ જાણી શકે નહિ, કહી શકે નહિ, ને સર્વજ્ઞના ભક્ત સિવાય બીજા કોઈ એ વાત ઝીલી શકે નહિ.–અહો, સર્વજ્ઞદેવ! આપનું અનેકાન્ત–શાસન જગતમાં અજોડ છે.

કોઈ પણ સમયે કોઈ પણ વસ્તુમાં એમ નથી બનતું કે તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવ તેનામાં ન હોય. વસ્તુ પ્રત્યેક સમયે પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ પોતાના સદ્‌ભાવમાં જ વર્તે છે; તેને તે કદી છોડતી નથી.

અહો, મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવ **જુદા** નથી, તેમ જ કોઈ બીજાને લીધે નથી. મારું સત્‌પણું મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં છે.

મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવથી બહાર જઈને બીજામાં હું કાંઈ કરું–એવું મારું અસ્તિત્વ છે જ નહીં. બીજાના ઉત્પાદ–વ્યય–ધ્રુવ તેના પોતાના અસ્તિત્વથી છે, મારાથી નહિ.

**-આવી સ્વતંત્રતાના સમ્યગ્જ્ઞાનમાં વીતરાગતા છે;**
**સ્વતંત્રતા જાણતાં સ્વ-પરની ભિન્નતા જણાય છે;**
**સ્વ-પરની ભિન્નતાને જાણતાં સ્વતત્ત્વમાં સંતોષ થાય છે.**
**સ્વતત્ત્વમાં સંતુષ્ટ થતાં સ્વાશ્રયે વીતરાગભાવ થાય છે.**
**વીતરાગતામાં જ સુખ છે; અને સુખ તે જીવનું ઇષ્ટ છે.**
**આ રીતે ઇષ્ટની પ્રાપ્તિનો આ ઉપાય છે.**
**ને આ જ મહાવીરપ્રભુનો ઇષ્ટ ઉપદેશ છે.**

## સત્કાર્ય

સત્‌કાર્ય તો તેને કહેવાય કે જેનાં ફળમાં ચોક્કસ પોતાને શાંતિ મળે. જેનાથી શાંતિ ન મળે તો એવા નિષ્ફળ કાર્યને તો સત્કાર્ય કોણ કહે? ને એવા નકામા–નિષ્ફળ કાર્યને તો કયો સૂજ્ઞપુરુષ કરે? સૂજ્ઞપુરુષો નિષ્ફળ પ્રવૃત્તિ (તેલ માટે રેતી પીલવા જેવી) કરતા નથી....જેમાં કાંઈ પણ પ્રયોજન સધાતું હોય એવી જ પ્રવૃત્તિ કરે છે.

હવે એવી પ્રવૃત્તિરૂપ સત્કાર્ય શું છે? તે જોઈએ:–આત્માનું સ્વકીય 'સત્‌' તો ઉપયોગસ્વરૂપ ચૈતન્યતત્ત્વ છે; તે સત્‌ ચૈતન્યમાં પ્રવૃત્તિ,–તે સત્પ્રવૃત્તિ અથવા સત્કાર્ય છે. અને સત્કાર્યમાં પરમ શાંતિનું વેદન હોવાથી તે સફળ પ્રયોજનરૂપ છે.

સ્વતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ આવું સુંદર સત્કાર્ય ત્યારે જ થઈ શકે કે જ્યારે બીજા બધાથી ભિન્ન, અત્યંત સુંદર એવા સ્વતત્ત્વને જાણ્યું હોય. સ્વદ્રવ્યની મહાન સુંદરતાને જે જાણે તેને તેમાં જ પ્રવૃત્તિ કરવાનું મન થાય; ને તેના સિવાય દુઃખદાયક એવી બાહ્યપ્રવૃત્તિથી તેનું ચિત્ત હટી જાય. આ ધર્મીનું સત્કાર્ય છે, ને તે ચોક્કસ અપૂર્વ શાંતિ દેનાર છે.

# એક હતો હાથી

**[ બંધુઓ, ઘણા વખતથી તમારી એક વાર્તા અમારી પાસે લેણી હતી. એક હતું દેડકું, ને એક હતો વાંદરો-એ બે વાર્તા પછી ત્રીજી હાથીની વાતો કહેવાનું અમે કહેલ, તેથી ઘણા બાળકો તેની માગણી કરતા હતા. તે વાર્તા અહીં આપી છે; તે આનંદથી વાંચજો ને તેમાંથી ઉત્તમ બોધ લેજો. ] -બ્ર. હ. જૈન**

એક હતો હાથી..ભારે મોટો હાથી ! ઘણો સુંદર હાથી,

ભગવાન રામચંદ્રજીના વખતની આ વાત છે.

મહારાજા રાવણ એક વખત લંકા તરફ જતો હતો, ત્યાં વચ્ચે સમ્મેદશિખર ધામ આવ્યું. આ મહાન તીર્થધામને દેખીને રાવણને ઘણો આનંદ થયો, ને તેની નજીક મુકામ કર્યો.

ત્યાં તો એકાએક મેઘગર્જના જેવી ગર્જના સંભળાવા લાગી, લોકો ભયથી નાશભાગ કરવા લાગ્યા; લશ્કરના હાથી–ઘોડા વગેરે પણ ભયથી ચીસ પાડવા લાગ્યા. રાવણે આ કોલાહલ સાંભળ્યો, ને મહેલ પર ચડીને જોયું કે–એક ઘણો મોટો ને અત્યંત બળવાન હાથી ઝૂલતો–ઝૂલતો આવી રહ્યો છે, તેની આ ગર્જના છે; ને તેનાથી ડરીને લોકો ભાગી રહ્યા છે; હાથી ઘણો જ સુંદર હતો, આવો મજાનો, ઊંચોઊંચો હાથી દેખીને રાવણ રાજી થયો; ને તેને આ હાથી ઉપર સવારી કરવાનું મન થયું; એટલે હાથીને પકડવા માટે તે નીચે આવ્યો ને હાથીની સામે ચાલ્યો. રાવણને દેખતાં જ હાથી તો તેની સામે દોડયો. લોકો તો આશ્ચર્યથી જોઈ રહ્યા કે હવે શું થાશે !

–પણ રાજા રાવણ ઘણો બહાદૂર હતો. ‘ગજકેલિ’ માં એટલે કે હાથી સામે રમવાની કળામાં તે હોશિયાર હતો. પહેલાં તો તેણે હાથી સામે એક લાકડી ફેંકી; હાથી તે સૂંઘવા રોકાયો, ત્યાં તો છલાંગ મારીને રાવણ તે હાથીના માથા ઉપર ચડી ગયો, ને તેના કુંભસ્થળ પર મૂઠીનો પ્રહાર કરવા લાગ્યો.

હાથી ગભરાઈ ગયો, તેણે સૂંઢ ઊંચી કરીને રાવણને પકડવા ઘણી મહેનત કરી;

પણ રાવણ તેના બે દંતૂશૂળ વચ્ચેથી સરકીને નીચે ઊતરી ગયો–આમ ઘણીવાર સુધી હાથી સાથે રમત કરીને હાથીને થકાવી દીધો; ને છેવટે રાવણ હાથીની પીઠ ઉપર ચડી ગયો. હાથી પણ જાણે રાજા રાવણને ઓળખી ગયો હોય તેમ શાંત થઈને, વિનયવાન સેવકની માફક ઊભો રહ્યો. રાવણ તેના ઉપર બેસીને મહેલ તરફ આવ્યો. ચારેકોર જયજયકાર થઈ રહ્યો.

રાવણને આ હાથી ખૂબ જ ગમી ગયો, તેથી તેને તે લંકા લઈ ગયો; લંકામાં તે હાથીની પ્રાપ્તિનો ઉત્સવ કરીને તેનું નામ 'ત્રિલોકમંડન' રાખ્યું. રાવણના લાખો હાથીમાં તે પટ્ટહાથી હતો.

* * *

હવે, એકવાર રાવણ સીતાને ઉપાડી ગયો; રામ–લક્ષ્મણે લડાઈ કરીને રાવણને હરાવ્યો, ને સીતાને લઈને અયોધ્યા આવ્યા; ત્યારે લંકાથી તે ત્રિલોકમંડન હાથીને પણ પોતાની સાથે લેતા આવ્યા. રામ–લક્ષ્મણના ૪૨ લાખ હાથીમાં તે સૌથી મોટો હતો, ને તેનું ઘણું માન હતું.

રામના ભાઈ ભરત અત્યંત વૈરાગી હતા, ને મુનિ થવા માંગતા હતા; પણ રામ–લક્ષ્મણે આગ્રહ કરીને તેને રોકયા હતા.

એકવાર તે ભરત સરોવરકિનારે ગયેલ; તે વખતે ગજશાળામાં શું બન્યું તે સાંભળો! મનુષ્યોની ભીડ દેખીને ત્રિલોકમંડન હાથી ગભરાયો, ને સાંકળ તોડીને ભયંકર અવાજ કરતો ભાગ્યો. હાથીની ગર્જના સાંભળીને અયોધ્યાના લોકો ભયભીત થઈ ગયા. હાથી તો દોડયો જાય છે, રામ–લક્ષ્મણ તેને પકડવા પાછળ દોડે છે. દોડતો દોડતો તે સરોવર કિનારે ભરત સામે આવ્યો. લોકો ચિંતામાં પડયા–હાય! હાય! ભરતનું શું થશે! તેની મા કૈકેયી તો હાહાકાર કરવા લાગી.

ભરતે હાથી સામે જોયું, ને હાથીએ ભરતને દેખ્યો, બસ, દેખતાવેંત તે એકદમ શાંત થઈ ગયો; હાથી તેને ઓળખી ગયો કે અરે, આ ભરત તો મારો પૂર્વભવનો પરમ મિત્ર! હાથીને પૂર્વભવનું જ્ઞાન થયું; પૂર્વભવમાં ભરત તેનો મિત્ર હતો, ને તેઓ બંને છઠ્ઠા સ્વર્ગમાં સાથે હતા. હાથીને તે યાદ આવ્યું ને ઘણો અફસોસ થયો, કે અરેરે! પૂર્વભવમાં હું આ ભરતની સાથે જ હતો પણ મેં ભૂલ કરી તેથી હું દેવમાંથી આ પશુ થઈ ગયો. અરેરે, આવો પશુનો અવતાર! તેને ધિક્કાર છે.

–આમ ભરતને જોતાં જ હાથી એકદમ શાંત થઈને ઊભો રહ્યો. જેમ ગુરુ પાસે

શિષ્ય વિનયથી ઊભો રહે તેમ ભરત પાસે હાથી વિનયથી ઊભો. ભરતે પ્રેમથી તેના માથે હાથ મૂકીને કહ્યું–અરે ગજરાજ! તને આ શું થયું? તું શાંત થા!! આ તને શોભતું નથી. તારા ચૈતન્યની શાતિને તું જો.



ભરતના મીઠાં વચન સાંભળતાં હાથીને ઘણી શાંતિ થઈ; તેની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યા! વૈરાગ્યથી તે વિચારવા લાગ્યો કે અરે, હવે અફસોસ કરવો શું કામનો?–પણ હવે મારું આત્મકલ્યાણ થાય, ને હું આ ભવદુઃખથી છૂટું – એવો ઉપાય કરીશ.–આ રીતે પરમ વૈરાગ્યનું ચિંતન કરતો તે હાથી એકદમ શાંત થઈને ભરતની સામે ટગટગ નજરે જોતો ઊભોઃ જાણે કહેતો હોય કે હે બંધુ! તમે પૂર્વભવના મારા મિત્ર છો, પૂર્વે સ્વર્ગમાં આપણે સાથે હતા, તો અત્યારે પણ મને આત્મકલ્યાણ આપીને આ પશુગતિમાંથી મારો ઉદ્ધાર કરો!

વાહ રે વાહ! ધન્ય હાથી! તેં હાથી થઈને આત્માને સમજવાનું મોટું કામ કર્યું! પશુ હોવા છતાં તે પરમાત્માને ઓળખી લીધા ને તારું જીવન સાર્થક કર્યું.

હાથીને એકાએક શાંત થઈ ગયેલો જોઈને લોકો આશ્ચર્ય પામ્યા–અરે આ શું થયું! ભરતે હાથી ઉપર શું જાદૂ કર્યું? તે આમ એકાએક શાંત કેમ થઈ ગયો? ભરત તેના ઉપર બેસીને નગરીમાં આવ્યો; ને હાથીને હાથીખાનામાં રાખ્યો; માવત લોકો તેની ખૂબ સેવા કરે છે. તેને રીઝવવા વાજિંત્ર વગાડે છે, તેને માટે લાડવા કરાવે છે; તેને ઉત્તમ શણગાર સજે છે–પણ આશ્ચર્યની વાત એ છે કે હાથી હવે કાંઈ ખાતો નથી, વાજિંત્રમાં કે શણગારમાં ધ્યાન દેતો નથી, ઊંઘતો પણ નથી, તે એકદમ ઉદાસ રહે છે; ક્રોધ પણ નથી કરતો. એકલો–એકલો આંખો મીંચીને શાંત થઈને બેસી રહે છે. ને આત્મહિતની જ વિચારણા કરે છે–આમ ને આમ ખાધા–પીધા વગર એક દિવસ ગયો, બે દિવસ ગયા, ચાર દિવસ થઈ ગયા....ત્યારે મહાવતો મૂંઝાયા ને શ્રીરામ પાસે આવીને કહ્યું–હે દેવ! આ હાથી ચાર દિવસથી કાંઈ ખાતો નથી, પીતો નથી, ઊંઘતો નથી, તોફાન પણ કરતો નથી; શાંત થઈને બેઠો છે, ને આખો દિવસ કાંઈક ધ્યાન કર્યા કરે છે!–તો શું કરવું? તેને રીઝવવા અમે ઘણું કરીએ છીએ, તેને પ્રેમથી બોલાવીએ છીએ તો સાંભળતો નથી. સારું સારું મિષ્ટભોજન ખવડાવીએ છીએ તો ખાતો નથી. –એના મનમાં શું છે? તે ખબર

પડતી નથી! મોટા મોટા ગજવૈદ્યને બતાવ્યું, તેઓ પણ હાથીના રોગને જાણી શકયા નહિ.–આ હાથીને લીધે આપણી આખી સેનાની શોભા છે. આવો મોટો બળવાન હાથી, –તેને એકાએક આ શું થઈ ગયું! તે અમને સમજાતું નથી. માટે તેનો કાંઈક ઉપાય કરો!

હાથીની આ વાત સાંભળી, રામ ને લક્ષ્મણ પણ ચિંતામાં પડી ગયા.

એવામાં અચાનક એક સુંદર બનાવ બન્યો?

અયોધ્યાપુરીના આંગણે બે કેવળી ભગવંતો પધાર્યા....તેમનાં નામ દેશભૂષણ અને કુલભૂષણ! રામ–લક્ષ્મણે વનગમન વખતે આ બે મુનિવરોનો ઉપદ્રવ્ય દૂર કરીને તેમની ઘણી ભક્તિ કરી હતી, ને તે વખતે તે બંને મુનિવરોને કેવળજ્ઞાન થયું હતું. તેઓ જગતના જીવોનું કલ્યાણ કરતા–કરતા અયોધ્યાનગરીમાં પધાર્યા. ભગવાન પધારતાં આખી નગરીમાં આનંદ–આનંદ ફેલાઈ ગયો. સૌ તેમના દર્શન કરવા ચાલ્યા....રામ –લક્ષ્મણ–ભરત ને શત્રુઘ્ન પણ ત્રિલોકમંડન હાથી ઉપર બેસીને તે ભગવંતોનાં દર્શન કરવા ચાલ્યા....ને આવીને ધર્મોપદેશ સાંભળવા બેઠા. ભગવાને સમ્યગ્દર્શન–જ્ઞાન – ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવીને તેનો અદ્ભુત ઉપદેશ આપ્યો. તે સાંભળીને સૌને ઘણો આનંદ થયો.

ત્રિલોકમંડન હાથીના આનંદનો પણ પાર નથી. તે કેવળીભગવાનના દર્શનથી ઘણો જ પ્રસન્ન થયો છે, ને ધર્મોપદેશ સાંભળીને તેનું ચિત્ત સંસારથી ઉદાસ થઇ ગયું છે. તેણે અપૂર્વ આત્મશાંતિ પ્રાપ્ત કરી છે, ને ભગવાનને નમસ્કાર કરીને શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યા છે.–ધન્ય છે હાથીભાઈ, તમને! તમે આત્માને ઓળખીને તમારું જીવન શોભાવ્યું છે! તમે પશુ નથી પણ દેવ છો, ધર્માત્મા છો, દેવોથી પણ મહાન છો.

બાળકો, **જુઓ** જૈનધર્મનો પ્રતાપ! એક હાથી જેવો પશુનો જીવ પણ જૈનશાસન પામીને કેવો મહાન થઇ ગયો! તો તમેય આવું મજાનું જૈનશાસન પામીને, હાથી જેવા બહાદૂર થઈને, આત્માની ઓળખાણ કરજો, ને ઉત્તમ વૈરાગ્યજીવન જીવજો!

ભગવાનનો ઉપદેશ સાંભળ્યા પછી મહારાજા લક્ષ્મણે પૂછયું–હે ભગવાન! આ ત્રિલોકમંડન હાથી પહેલાં ગજબંધન તોડીને ક્રોધિત થયો, ને પછી ભરતને દેખતાં એકદમ શાંત થઈ ગયો–તેનું શું કારણ? ભરતને પણ તેના ઉપર વહાલ કેમ આવે છે? તે કૃપા કરીને કહો.

ત્યારે દેશભૂષણ કેવળીએ કહ્યું–આ હાથી પ્રથમ તો લોકોની ભીડ દેખીને મદોન્મત્ત થયો ને ક્ષોભ પામ્યો, તેથી બંધન તોડીને ભાગ્યો; અને ભરતને દેખીને શાંત થઈ ગયો તેનું કારણ એ છે કે ભરતનો જીવ અને આ હાથીનો જીવ બંને પૂર્વભવનાં મિત્રો છે–સાંભળો, તેમનાં પૂર્વભવ–

# [ ભરત અને હાથીનાં પૂર્વભવ ]

આ ભરત અને ત્રિલોકમંડન–હાથી બંને જીવો ઘણા ભવ પહેલાં ભગવાન ઋષભદેવના વખતમાં ચંદ્ર તથા સૂર્ય નામના બે ભાઈ હતા. કુધર્મ સેવીને બંનેએ ઉંદર – મોર–પોપટ–સર્પ–હાથી–દેડકું–બિલ્લી–કુકડો વગેરે ઘણા ભવો કર્યા; અને બંનેએ એકબીજાને ઘણી વાર માર્યા. ઘણીવાર ભાઈ થયા, વળી પિતા–પુત્ર થયા. આ રીતે ભવભ્રમણ કરતા–કરતા કેટલાક ભવ પછી ભરતનો જીવ તો જૈનધર્મ પામ્યો ને મુનિ થઈને છઠ્ઠા સ્વર્ગમાં ગયો.

આ હાથીનો જીવ પણ પૂર્વભવમાં વૈરાગ્યથી મૃદુમતિ નામનો મુનિ થયેલો, બીજા એક મહાઋદ્ધિધારી મુનિરાજ બહુ ગુણવાન અને તપસ્વી હતા. તેમણે ચોમાસામાં ચાર માસના ઉપવાસ કરેલા, ને પછી ચોમાસું પૂરું થતાં અન્યત્ર વિહાર કરી ગયા. હાથીનો જીવ–મૃદુમતિ મુનિ જ્યારે ગામમાં આવ્યા, ત્યારે ભૂલથી લોકોએ તેને જ મહાતપસ્વી સમજી લીધા ને તેનું સન્માન કરવા લાગ્યા; તેને ખ્યાલમાં આવ્યું કે લોકો ભ્રમથી મને ઋદ્ધિધારી–તપસ્વી–મુનિ સમજીને મારો આદર કરી રહ્યા છે.–આમ જાણવા છતાં માનના માર્યા તેણે લોકોને સાચી વાત ન કરી, કે પેલા તપસ્વી મુનિરાજ તો બીજા હતા, ને હું બીજો છું–શલ્યપૂર્વક માયાચાર કર્યો; તે તેને તિર્યંચગતિનું કારણ બન્યું. ત્યાંથી મરીને, મુનિપણાના તપને લીધે પ્રથમ તો તે છઠ્ઠા સ્વર્ગમાં ગયો. ભરતનો જીવ પણ ત્યાં જ હતો. તે બંને મિત્રો હતા. તેમાંથી એક તો અયોધ્યાનો રાજપુત્ર ભરત થયો છે, ને બીજો જીવ માયાચારને લીધે આ હાથી થયો છે. તેનું અત્યંત મનોહર રૂપ દેખીને લંકાના રાજા રાવણે તેને પકડયો, ને તેનું નામ ત્રિલોકમંડન રાખ્યું. રાવણને જીતીને રામ–લક્ષ્મણ તે હાથીને અહીં લઈ આવ્યા. પૂર્વભવના મિત્રોનું અહીં મિલન થયું અને પૂર્વભવના સંસ્કારને લીધે ભરતને જોતાં જ હાથી શાંત થઈ ગયો; તેને જાતિસ્મરણ થયું છે ને પોતાના પૂર્વભવ સાંભળીને સંસારથી એકદમ વૈરાગ્ય જાગ્યો છે; આત્માની સાધનામાં તેણે પોતાનું ચિત્ત જોડયું છે, ને શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યા છે.

દેશભૂષણ કેવળીની સભામાં પોતાના પૂર્વભવોની વાત સાંભળીને વૈરાગી ભરતે ત્યાં જ જિનદીક્ષા ધારણ કરી લીધી, ને પછી કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. તેનો મિત્ર હાથી પણ સંસારથી વિરક્ત થયો; તે હાથીએ આત્માનું ભાન પ્રગટ કરીને શ્રાવક–વ્રત અંગીકાર કર્યા. વાહ! હાથીનો જીવ શ્રાવક બન્યો...પશુ હોવા છતાં દેવથી પણ મહાન બન્યો! ને હવે અલ્પકાળે તે મોક્ષને પામશે.

હાથીની આવી વાત સાંભળીને રામ–લક્ષ્મણ વગેરે બધાને આનંદ થયો. હે ભવ્ય પાઠક! તને પણ આનંદ થયોને?–હા! તો તું પણ હાથીની જેમ તારા આત્માને જિનધર્મની આરાધનામાં જોડજે, ને માન–માયાના ભાવને છોડજે.

હાથીના અને ભરતના પૂર્વભવની વાત સાંભળીને રામ–લક્ષ્મણ વગેરે સૌ આશ્ચર્ય પામ્યા. ભરતની સાથે એક હજાર રાજાઓ દીક્ષા લઈને મુનિ થયા. ભરતની માતા કૈકેયી પણ જિનધર્મની પરમ ભક્ત, વૈરાગ્ય પામીને અર્જિકા થઈ; તેની સાથે બીજી ૩૦૦ સ્ત્રીઓએ પૃથ્વીમતિમાતા પાસે દીક્ષા લીધી.

ત્રિલોકમંડન હાથીના હૈયામાં તો કેવળીભગવાનના દર્શનથી આનંદ સમાતો નથી; પૂર્વભવ સાંભળીને તે એકદમ ઉપશાંત થયો છે. સમ્યગ્દર્શન સહિત, તે હાથી, વૈરાગ્યથી રહે છે ને શ્રાવકનાં વ્રત પાળે છે. પંદર–પંદર દિવસના કે મહિના–મહિનાના ઉપવાસ કરે છે, અયોધ્યાના નગરજનો ઘણા વાત્સલ્યપૂર્વક શુદ્ધ આહાર–પાણી વડે તેને પારણું કરાવે છે. આવા ધર્માત્મા હાથીને દેખીને બધાને તેના ઉપર ઘણો પ્રેમ આવે છે. તપ કરવાથી ધીમે ધીમે તેનું શરીર દૂબળું પડવા લાગ્યું, ને અંતે સમાધિપૂર્વક ધર્મધ્યાન કરતાં–કરતાં દેહ છોડીને તે સ્વર્ગમાં ગયો...ને થોડા વખતમાં મોક્ષ પામશે.

## એક હાથીની વાર્તા પૂરી!

બાળકો! હાથીની વાર્તા તમને ગમી!

વાહ ભાઈ વાહ! બહુ જ ગમી! હજી બીજા હાથીની વાર્તા પણ કહોને!

ભલે ભાઈ! તમને કાંઈ ના કહેવાશે? બીજા હાથીની વાર્તા પણ કહેશું. તમે પ્રેમથી વાંચજો. તમે પણ હાથી જેવા થાજો!–હાથી જેવા તોફાની નહીં હો, પણ હાથી જેવા ધર્માત્મા થાજો.....આત્માને ઓળખજો ને મોક્ષને સાધજો.

અનંત ચૈતન્યવૈભવવાળા આત્માને જેણે જાણ્યો તેણે ચૌદ બ્રહ્માંડના સારને જાણી લીધો અહા, આત્માને જાણવામાં અંતર્મુખ ઉપયોગનો અનંત પુરુષાર્થ છે; તેમાં તો મોક્ષમાર્ગ આવી જાય છે. સ્વમાં જે સન્મુખ થયો તેણે પરથી સાચી ભિન્નતા જાણી, એટલે ખરું ભેદજ્ઞાન થયું. આવી દશા હોય તે જીવ ધર્મી છે,–ભલે તે ગૃહસ્થપણામાં હોય....કે ગમે ત્યાં હોય!

## [ નિર્વાણમહોત્સવ સમાચાર પાનું ૪ થી ચાલુ ]

રાજસ્થાન સરકારે આ નિર્વાણમહોત્સવના વર્ષમાં કોઈને ફાંસી ન દેવાની જાહેરાત કરી છે. (અનેક શહેરોમાં ફિલ્મોનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણે આપણા જૈનસ્થાનોમાં આપણી ધાર્મિકફિલ્મોનું આયોજન કરીએ તે ઉચિત છે, પરંતુ સામાજિક થિએટરોમાં–જ્યાં બીભત્સ પ્રેમચિત્રોનું પ્રદર્શન થતું હોય છે તેની વચ્ચે આપણા ધર્મનું પ્રદર્શન કરવું ઉચિત નથી,–કેમકે તેવા સ્થાનો તો આપણે માટે અનાયતન છે. જેમ હોટેલમાં જવું ઉચિત નથી તેમ એવા થિયેટરોમાં જવું પણ ઉચિત નથી. એક તરફથી આપણે આપણા યુવાનોને એવી ફિલ્મો ન જોવા માટે ભલામણ કરીએ, અને પાછા તે જ થિએટરોમાં આપણી ફિલ્મોનો કાર્યક્રમ ગોઠવીએ,–તે યોગ્ય નથી.)

મદ્રાસમાં તેમજ મોરબીમાં સમસ્ત જૈનોએ હળીમળીને આનંદપૂર્વક મહાવીર ભગવાનની ભવ્ય રથયાત્રા કાઢી હતી;–ધર્મધ્વજ–બેન્ડવાજાં વગેરેથી સુસજ્જિત રથ–યાત્રામાં સમસ્ત જૈનોનો ઉત્સાહ દેખીને જનતા પ્રભાવિત થઈ હતી. આખી નગરી મહાવીરના જયકારથી ગુંજી ઊઠી હતી. મદ્રાસમાં તો ૬૩ ટ્રકમાં ધાર્મિકરચનાઓ (મોડેલો) ઘણી જ આકર્ષક હતી. બાળકોનો ઉત્સાહ પણ અનેરો હતો; શિરપુર (મધ્યપ્રદેશ) ના બાવલવાશ ગામમાં પટવારી શેરમહમદજીના સભાપતિસ્થાને વીર–નિર્વાણોત્સવની સભા થઇ હતી, તેમાં સભાપતિજીએ આજીવન માંસાહારનો ત્યાગ, તથા જીવહિંસાનો ત્યાગ કર્યો હતો. અનેક માણસોએ રાત્રિભોજન ત્યાગ કર્યો હતો. જામનગરમાં નિર્વાણોત્સવ પ્રસંગે બાળકોએ સુંદર કાર્યક્રમ રજુ કર્યો હતો. પ્રભાતફેરી બાળકોનું કૂચગીત–(–વીરપ્રભુનાં સૌ સંતાન....છે તૈયાર છે તૈયાર!) તથા નિર્વાણ–પૂજન, મંદિરમાં રોશની, ધ્વજાની સજાવટ, ધાર્મિક નાટકો, નૃત્ય–ભજન, ધાર્મિક પરીક્ષા તથા ઈનામોની વહેંચણી થઈ હતી. સોનગઢના ઉત્સવના સમાચારો ગતાંકમાં આપી ગયા છીએ. તે ઉપરાંત ઉત્સવ નિમિત્તે ત્રણ દિવસ સુધી પંચપરમેષ્ઠીનું સામૂહિક પૂજન થયું હતું. ખૈરાગઢમાં ૬૪ ઋદ્ધિ વિધાનપૂજન થયું હતું. વાંકાનેરમાં પંચપરમેષ્ઠીવિધાન થયું હતું. કારતક વદ દશમે ભગવાન મહાવીરના દીક્ષાકલ્યાણકની ઉજવણી થઈ હતી. સવારમાં પ્રભાતફેરી, પૂજનાદિ કાર્યક્રમો હતા. આ ઉપરાંત મુંબઈ–દાદર–મલાડ –ઘાટકોપર, રખિયાલ, જાંબુડી, રાજકોટ, જેતપુર, હૈદરાબાદ તેમજ રાજસ્થાન–મધ્યપ્રદેશના કેટલાય ગામોથી પણ ઉત્સાહવર્દ્ધક સમાચાર આવ્યા છે. કેટલુંક લખીએ...થોડું લખ્યું ઝાઝું કરીને વાંચજો. (–બ્ર. હ. જૈન) -जय महावीर

**❀ जैनेन्द्रं धर्मचक्रं प्रभवतु सततं सर्व सौख्यप्रदायो ❀**

# વૃદ્ધજનો માટેનો વૈરાગ્ય-વિભાગ

卐 વૃદ્ધાવસ્થાજનિત અનેક રોગાદિથી ને ચિન્તાથી કદાચ તમે ઘેરાયેલા હશો...ને કોઈવાર દીન–પરિણામ થઈ જતા હશે....તો હે મુમુક્ષુ–વડીલ! તમને તે શોભતું નથી. શરીરનો તો એવો સ્વભાવ જ છે કે વૃદ્ધતા–રોગાદિ થાય. તેની સામે આત્માનો સ્વભાવ વિચારીને ઉત્સાહ–પરિણામ કરો.

卐 સાચું નીરોગ થવું હોય ને આનંદ જોઈતો હોય તો આત્માને શાંતપરિણામમાં રાખવો. ક્રોધ તે રોગ છે, શાંતિ તે સુખ છે.

卐 જૈનધર્મને પામ્યો તે જીવ દીન કે ગરીબ હોય નહિ, કેમકે–

* દુનિયામાં સૌથી શ્રેષ્ઠ રત્ન જિનવરદેવ,
* રત્નત્રયવંત મુનિરાજ પરમગુરુ,
* આત્મસ્વરૂપ કહેનારી જિનવાણી,

–આવા સર્વોત્કૃષ્ટ ત્રણ રત્નો જેના અંતરમાં સદાય બિરાજે છે તે ગરીબ શેનો? ને તેને દીનતા કેવી?–અને એ ત્રણ મહારત્નો પરભવમાંય સાથે જ રહેવાના છે. દેહ અને પરિવાર ભલે છૂટશે પણ એ દેવ–ગુરુ–ધર્મ મારા અંતરમાંથી કદી નહિ છૂટે.–આમ વિચારીને હોંશથી–ઉત્સાહથી તેમની આરાધના કરવી.

卐 આખો સંસાર ભલે પ્રતિકૂળ થાય, પણ દેવ–ગુરુ–ધર્મ કદી તને પ્રતિકૂળ નહિ થાય,–એ તારા સદાયના સાથીદાર ને સાચા હિતસ્વી છે.

卐 કોઈ કહે કે તમારે શું જોઈએ?

–તો મુમુક્ષુ કહે છે–મારી પાસે વીતરાગી દેવ–ગુરુ–ધર્મ તો છે, તેઓ મને આત્માની અપૂર્વ અનુભૂતિ આપે છે.–જો એનાથી સારું **બીજું** કાંઈ જગતમાં હોય તો મને આપો.

–એનાથી સારું તો જગતમાં બીજું કાંઈ નથી, કે જેને હું ઇચ્છું.

આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી, એ જ એક મારી ભાવના છે...એ જ ઇષ્ટ છે.

卐 આ રીતે, મુમુક્ષુને આ જગતમાં પોતાના આત્માની આનંદઅનુભૂતિ સિવાય બહારમાં બીજા કોઈની ભાવના હોતી નથી; નિરંતર દિન–રાત તે નિજઅનુભૂતિને જ ભાવે છે.

卐 અહો, અનુભૂતિની ભાવના કરતાં–કરતાં મુમુક્ષુને એવી મજાની શાંતિને ઉત્સાહ જાગે છે કે દુનિયાની બધી ચિન્તાઓ ને દુઃખો દૂર થઈ જાય છે. માટે આવી આત્મભાવના ભાવવી. **જય મહાવીર**

# સુખી થવાની સાચી રીત

આત્માને સુખી થવું છે;

મોક્ષ વગર પૂર્ણ સુખ હોઈ શકે ?.............ના.
મુનિદશા વગર મોક્ષ હોઈ શકે ?.............ના.
આત્માના જ્ઞાન વગર મુનિદશા થાય ?.............ના.
જ્ઞાનસ્વભાવના નિર્ણય વગર આત્મજ્ઞાન થાય ?.............ના.
સર્વજ્ઞના નિર્ણય વગર જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય.............ના.

–માટે–

## જેને સુખી થવું હોય તેણે

સર્વજ્ઞને ઓળખીને તેમના જેવા પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને સ્વાનુભવથી સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કરવું. સમ્યગ્દર્શન–જ્ઞાન કરીને વૈરાગ્યપૂર્વક શુદ્ધોપયોગવડે મુનિદશા પ્રગટ કરવી. મુનિ થઈને આત્મસ્વરૂપમાં લીનતાવડે કેવળજ્ઞાન ને મોક્ષદશા કરવી.

બસ, પછી તો આપણને સુખ–સુખ ને સુખ ! સુખનો કદી પાર નહીં.

વાહ ભાઈ વાહ ! સુખી થવાની કેવી મજાની રીત !!

ચાલો સાધર્મીઓ, આપણે બધા સાથે મળીને તે રીત કરીએ ને સુખી થઇએ.

## વીરનિર્વાણ-મહોત્સવમાં વીરબાળકોનો સહકાર

અહો, અમારા જીવનમાં અમારા ભગવાનનો આવો મહાન ઉત્સવ ઉજવવાનો અવસર આવ્યો–એવા ઉલ્લાસભાવથી સમાજના બાળકો–યુવાનો નિર્વાણમહોત્સવમાં કેવો સુંદર સાથ આપી રહ્યા છે, તે આપણે સૌ જોઈ રહ્યા છીએ, ને સમાજમાં આવો સુંદર ઉત્સાહ દેખીને હર્ષ થાય છે. સૌએ ઉત્સવનિમિત્તે અઢીહજારપૈસા (પચીસ રૂપિયા) મોકલ્યા છે અને હજી ચાલુ છે; માનનીય પ્રમુખશ્રીએ આ બધી રકમ બાલવિભાગને લગતી યોજનાઓમાં વાપરવાનું મુંર કરેલ છે, ને આ યોજનાઓ નક્કી કરવાનું સંપાદકને સોંપેલ છે. તો બાળકોને ધર્મસંસ્કારોમાં ઉત્તેજન મળે તેવી કોઈ યોજનાઓ સૂચવવા જિજ્ઞાસુ ભાઈ–બહેનોને નિમંત્રણ છે. આ વિભાગમાં જેમના તરફથી રૂા. ૨૫) આવેલ છે તેમનાં નામોની વિશેષ યાદી અહીં આપી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૧૩ | રશ્મીબેન | – | ૩૨૯ | ઉષાબેન રમણીકલાલ ભાયાણી | – |
| ૩૧૪ | શ્રુતકુમાર કુમુદચંદ શાહ | મુંબઇ | ૩૩૦ | ભરતભાઈ રમણીકલાલ ભાયાણી | – |
| ૩૧૫ | કલ્પનાબેન ભોગીલાલ | મુંબઇ | ૩૩૧ | ભુપેન્દ્ર રમણીકલાલ ભાયાણી | – |
| ૩૧૬ | યોગેશભાઈ ભોગીલાલ | મુંબઇ | ૩૩૨ | કમલેશ રમણીકલાલ ભાયાણી | – |
| ૩૧૭ | દક્ષાબેન ભોગીલાલ | મુંબઇ | ૩૩૩ | ધીરૂભાઈ ટી. ઝાલા | બેંગલોર |
| ૩૧૮ | સુનીલભાઈ ભોગીલાલ | મુંબઇ | ૩૩૪ | રાજેશકુમાર મનસુખલાલ ભાયાણી | – |
| ૩૧૯ | ચેતનાબેન પ્રેમજીભાઈ–મલાડ | મુંબઇ | ૩૩૫ | પન્નાલાલજી જૈન | ફીરોઝાબાદ |
| ૩૨૦ | અતુલભાઈ પ્રેમજીભાઈ–મલાડ | મુંબઇ | ૩૩૬ | પ્રકાશ જૈન | અલવર |
| ૩૨૧ | દર્શનાબેન પ્રેમજીભાઈ–મલાડ | મુંબઇ | ૩૩૭ | નવલચંદ જગજીવનદાસ | સોનગઢ |
| ૩૨૨ | હિંમતલાલ લાલચંદ | ચીતલ | ૩૩૮ | હરીશ જેઠાલાલ દોશી | સીકંદરાબાદ |
| ૩૨૩ | શાંતિલાલ પરમાણંદ | મિયાગામ | ૩૩૯ | હિમાંશુ જેઠાલાલ દોશી | સીકંદરાબાદ |
| ૩૨૪ | ઇચ્છાબેન મણીલાલ | મુંબઇ | ૩૪૦ | રીનાબેન હસમુખલાલ | સીકંદરાબાદ |
| ૩૨૫ | પુષ્પાબેન લાભુભાઈ | મુંબઇ | ૩૪૧ | જયેશભાઈ હસમુખલાલ | સીકંદરાબાદ |
| ૩૨૬ | સુરેશ અમૃતલાલ | લીંબડી | ૩૪૨ | મંજુલાબેન રમણીકલાલ ભાયાણી | – |
| ૩૨૭ | માણેકચંદ કપૂરચંદ | ઇન્દૌર | ૩૪૩ | ભુપેન્દ્ર, મુકેશ, સંજીવ | બરોડા |
| ૩૨૮ | મમતા કલોથ સ્ટોર્સ | ઇન્દૌર | ૩૪૪ | બાબુભાઈ ગોપાળદાસ | અમદાવાદ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪૫ | કોકિલાબેન પોપટલાલ | લીંબડી | ૩૭૧ | ભારતીબેન દિનેશચંદ્ર | સુરત |
| ૩૪૬ | ખેતશી વીરપાળ | – | ૩૭૨ | અનીલચંદ્ર દિનેશચંદ્ર | સુરત |
| ૩૪૭ | રાહુલ જીતેશકુમાર | દેહગામ | ૩૭૩ | કેતનભાઈ દિનેશચંદ્ર | સુરત |
| ૩૪૮ | લાભુબેન ( કાનાતળાવવાળા ) | – | ૩૭૪ | ધર્મેશભાઈ શીરીષભાઈ | સુરત |
| ૩૪૯ | મદનલાલ પુષ્પેન્દ્રકુમાર જૈન | – | ૩૭૫ | ફાલ્ગુન શીરીષભાઈ | સુરત |
| ૩૫૦ | સુરેશચંદ જૈન | બડૌત | ૩૭૬ | પંકજભાઈ નારણદાસ દાણી | સુરત |
| ૩૫૧ | જયેશકુમાર તથા માલતીબેન વી. જૈન | અમદાવાદ | ૩૭૭ | કુમારી સુલોચન જૈન | – |
| | | | ૩૭૮ | સોનલ અનંતરાય જૈન | જલગાંવ |
| ૩૫૨ | ભંવરલાલ ભેરૂલાલ જૈન | મુંબઈ | ૩૭૯ | સુધેશકુમાર અનંતરાય | જલગાંવ |
| ૩૫૩ | ભંવરલાલ ભેરૂલાલ જૈન ( ૨ ) | મુંબઈ | ૩૮૦ | કાંતાબેન કેવળચંદ | મુંબઈ |
| ૩૫૪ | કમલાબેન ભંવરલાલ જૈન | મુંબઈ | ૩૮૧ | સરસ્વતીબેન | મુંબઈ |
| ૩૫૫ | કમલાબેન ભંવરલાલ જૈન ( ૨ ) | મુંબઈ | ૩૮૨ | અનપૂર્ણાબેન તથા પ્રજ્ઞાબેન | મુંબઇ |
| ૩૫૬ | નીરંજનાબેન ભંવરલાલ જૈન | મુંબઈ | ૩૮૩ | શિખરચંદ કૈલાશચંદ્ર જૈન | જબલપુર |
| ૩૫૭ | રાકેશકુમાર ભંવરલાલ જૈન | મુંબઈ | ૩૮૪ | હિરાચંદ ત્રિભોવનદાસ દામાણી | સોનગઢ |
| ૩૫૮ | મુકેશકુમાર ભંવરલાલ જૈન | મુંબઈ | ૩૮૫ | હેમંતકુમાર ચીમનલાલ જૈન | મોડાસા |
| ૩૫૯ | સોનલ–રૂપલબેન રસિકલાલ જૈન | મુંબઈ | ૩૮૬ | ચંદનબેન ચીમનલાલ જૈન | મોડાસા |
| ૩૬૦ | હેમાંશુકુમાર રસિકલાલ જૈન | મુંબઈ | ૩૮૭ | મૃદુલાબેન ચીમનલાલ જૈન | મોડાસા |
| ૩૬૧ | રોહિ–રશ્મિ ચંદુલાલ જૈન | મુંબઈ | ૩૮૮ | ડોલરકુમાર ચીમનલાલ જૈન | મોડાસા |
| ૩૬૨ | નીશાબેન–ચંદ્રિકાબેન સવાઈલાલ | મુંબઈ | ૩૮૯ | અરવિંદકુમાર જેઠાલાલ | સીકંદરાબાદ |
| ૩૬૩ | શ્રી નેમિકુમાર જૈન | સોનગઢ | ૩૯૦ | અજયકુમાર હસમુખલાલ | સીકંદરાબાદ |
| ૩૬૪ | બ્ર. હરિલાલ જૈન | સોનગઢ | ૩૯૧ | જયેશકુમાર હસમુખલાલ | સીકંદરાબાદ |
| ૩૬૫ | છાયા–કલ્પેશ–નેહાકુમારી જૈન | મોરબી | ૩૯૨ | હિનાબેન હસમુખલાલ | સીકંદરાબાદ |
| ૩૬૬ | પ્રેમચંદ ( ખેમરાજ દુલીચંદ ) જૈન | ખૈરાગઢ | ૩૯૩ | હિમાંશુકુમાર જેઠાલાલ | સીકંદરાબાદ |
| ૩૬૭ | હિતેન્દ્રકુમાર ભરતકુમાર | – | ૩૯૪ | હરીશકુમાર જેઠાલાલ | મોરબી |
| ૩૬૮ | ભદ્રેશભાઈ કે. ભાયાણી | – | ૩૯૫ | સતીશકુમાર કાંતિલાલ | વીરમગામ |
| ૩૬૯ | ચેતનાબેન કે. ભાયાણી | – | ૩૯૬ | રાજેશકુમાર નટવરલાલ | બોરીવલી |
| ૩૭૦ | ખેમરાજ ચૌથમલ્લ લોઢા | મંદસૌર | | | |

**તા. ૧૫-૧૨-૭૪ સુધી**

# અમે જિનવરનાં સંતાન [ બાલવિભાગના નવા સભ્યોનાં નામ ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩૪૫ | રાજેશ્રીબેન ન્યાલચંદ જૈન | વીંછીયા | ૩૩૭૨ | ભરતકુમાર વાસુદેવભાઈ જૈન | સોનગઢ |
| ૩૩૪૬ | દેવયાનીબેન ન્યાલચંદ જૈન | વીંછીયા | ૩૩૭૩ | કોકિલાબેન વાસુદેવભાઈ જૈન | સોનગઢ |
| ૩૩૪૭ | રાકેશ ન્યાલચંદ જૈન | વીંછીયા | ૩૩૭૪ | વિક્રમકુમાર વાસુદેવભાઈ જૈન | સોનગઢ |
| ૩૩૪૮ | પિનાકીન ન્યાલચંદ જૈન | વીંછીયા | ૩૩૭૫ | જિનેશકુમાર વાસુદેવભાઈ જૈન | સોનગઢ |
| ૩૩૪૯ | વિમલકુમાર રસીકલાલ જૈન | સુરત | ૩૩૭૬ | પપ્પુ વાસુદેવભાઈ જૈન | સોનગઢ |
| ૩૩૫૦ | ચકુબેન રસીકલાલ જૈન | સુરત | ૩૩૭૭ | વિમલ ધરણીધર જૈન | સોનગઢ |
| ૩૩૫૧ | જાગૃતિબેન ચંદ્રકાંત જૈન | અમદાવાદ | ૩૩૭૮ | વિભાબેન ધરણીધર જૈન | સોનગઢ |
| ૩૩૫૨ | દીપકકુમાર રમણીકલાલ જૈન | સુરત | ૩૩૭૯ | વિરલ ધરણીધર જૈન | સોનગઢ |
| ૩૩૫૩ | નીતીનકુમાર રમણીકલાલ જૈન | સુરત | ૩૩૮૦ | જીતેન્દ્ર મનસુખલાલ જૈન | સોનગઢ |
| ૩૩૫૪ | અલકેશકુમાર રમણીકલાલ જૈન | સુરત | ૩૩૮૧ | લલિત મનસુખલાલ જૈન | સોનગઢ |
| ૩૩૫૫ | જયશ્રીબેન રમણીકલાલ જૈન | સુરત | ૩૩૮૨ | સ્મિતાબેન મનસુખલાલ જૈન | ગોંડલ |
| ૩૩૫૬ | વિપુલ ચંદુલાલ જૈન | સુરત | ૩૩૮૩ | જયેશકુમાર હિંમતલાલ જૈન | લીંબડી |
| ૩૩૫૭ | નયનબેન ચંદુલાલ જૈન | સુરત | ૩૩૮૪ | હર્ષાબેન હિંમતલાલ જૈન | લીંબડી |
| ૩૩૫૮ | હર્ષાબેન ચંદુલાલ જૈન | સુરત | ૩૩૮૫ | અમીતાબેન હિંમતલાલ જૈન | લીંબડી |
| ૩૩૫૯ | ચેતનાબેન જમનાદાસ જૈન | અમરાવતી | ૩૩૮૬ | નીતાબેન રોમેશકુમાર જૈન | અમદાવાદ |
| ૩૩૬૦ | કિરીટકુમાર જમનાદાસ જૈન | અમરાવતી | ૩૩૮૭ | કમલેશ જયંતિલાલ જૈન | વઢવાણસીટી |
| ૩૩૬૧ | કમલેશ આર. જૈન | કોઇમ્બતુર–૯ | ૩૩૮૮ | વિરલકુમાર નરેશચંદ્ર જૈન | મુંબઇ-૪૦૦૦૫૬ |
| ૩૩૬૨ | ભરતકુમાર રતિલાલ જૈન | અમદાવાદ–૧ | ૩૩૮૯ | સોરલકુમાર રમેશચંદ્ર જૈન | મુંબઇ-૪૦૦૦૫૭ |
| ૩૩૬૩ | સોનલ જૈન | બેંગ્લોર–૩ | ૩૩૯૦ | તેજલબેન કનકરાય જૈન | જામનગર |
| ૩૩૬૪ | મહેશકુમાર લાલચંદ જૈન | સુરત–૧ | ૩૩૯૧ | કિશોર રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૬૫ | પરેશ ચંદ્રકાંત જૈન | અમદાવાદ–૧ | ૩૩૯૨ | અરૂણાબેન રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૬૬ | નીતાબેન રમેશચંદ્ર જૈન | અમદાવાદ–૯ | ૩૩૯૩ | નીરૂપમાબેન રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૬૭ | પૂર્ણિમાબેન રમણલાલ જૈન | પાદરા | ૩૩૯૪ | દિલીપ રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૬૮ | સોનાબેન હસમુખલાલ જૈન | વર્દ્ધમાનપુરી | ૩૩૯૫ | મુકેશ રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૬૯ | શશીકાંત ચંદુલાલ જૈન | વર્દ્ધમાનપુરી | ૩૩૯૬ | વિનોદરાય રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૭૦ | તરલીકાબેન ચંપકલાલ જૈન | અમદાવાદ | ૩૩૯૭ | દર્શનાબેન રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૩૩૭૧ | લત્તાબેન એમ. જૈન | ભાવનગર | ૩૩૯૮ | કમલેશ રમણીકલાલ જૈન | કોઇમ્બતુર–૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩૩૯ | ગીરીશ કાંતિલાલ જૈન | અમદાવાદ | ૩૪૦૬ | દીપક મહાસુખલાલ જૈન | રતનપર |
| ૩૪૦૦ | તેજશકુમાર મહેશકુમાર જૈન | રાજકોટ | ૩૪૦૭ | ચેતનાબેન મહાસુખલાલ જૈન | રતનપર |
| ૩૪૦૧ | ભાવનાબેન ધીરજલાલ જૈન | લીંબડી | ૩૪૦૮ | સ્વાતિબેન મહાસુખલાલ જૈન | રતનપર |
| ૩૪૦૨ | વિપુલકુમાર ધીરજલાલ જૈન | લીંબડી | ૩૪૦૯ | સંગીતાબેન મહાસુખલાલ જૈન | રતનપર |
| ૩૪૦૩ | સંજીવકુમાર ધીરજલાલ જૈન | લીંબડી | ૩૪૧૦ | સુભાષચંદ્ર કોદરલાલ જૈન | પોશીના |
| ૩૪૦૪ | સુનીલ પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ-૧ | ૩૪૧૧ | રાકેશ નાનુભાઈ જૈન | અમદાવાદ-૧ |
| ૩૪૦૫ | ધારીણીબેન પ્રવિણચંદ્ર જૈન | રાજકોટ-૧ | | * | |

## મહાવીર-પરિવાર ( છ બોલનો સંકલ્પ કરનાર જિજ્ઞાસુઓનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫૪ | રતિલાલ ચતુરભાઈ | ઘાટકોપર | ૨૮૯ | નગીનદાસ મોતીચંદ ગાંધી | અમરાપુર |
| ૨૫૫ | લીલાવતીબેન પોપટલાલ જૈન | ગોંડલ | ૨૯૦ થી ૨૯૫ | ગુલાબબેન, જયશ્રીબેન રંજનબેન, મુકેશ, મીનાક્ષીબેન, કીર્તિદાબેન | અમરાપુર |
| ૨૫૬ | અરૂણાબેન પ્રેમચંદભાઈ જૈન | લાઠી | | | |
| ૨૫૭ | મંજુલાબેન ધીરજલાલ જૈન | લાઠી | ૨૯૬ | ભીખુભાઈ શામળજી | અમરાપુર |
| ૨૫૮ | લાભુબેન છોટાલાલ જૈન | લાઠી | ૨૯૭ | કમલાબેન એસ. પારેખ | મુંબઈ-૪ |
| ૨૫૯ | લાભુબેન જયંતિભાઈ જૈન | લાઠી | ૨૯૮ | છબલબેન પુરુષોત્તમ કામદાર | બોટાદ |
| ૨૬૦ | સવિતાબેન હિંમતભાઈ જૈન | લાઠી | ૨૯૯ | મંજુલાબેન શીવલાલ ડગલી | બોટાદ |
| ૨૬૧ | જેકુરબેન મોહનભાઈ જૈન | લાઠી | ૩૦૦ | ભુરીબેન દામોદરદાસ ગાંધી | બોટાદ |
| ૨૬૨ | રોમેશ બાબુભાઈ જૈન | લાઠી | ૩૦૧ | કંચનબેન હિંમતલાલ ગોપાણી | બોટાદ |
| ૨૬૩ થી ૨૮૪ | દાહોદના ૨૨ મુમુક્ષુ ભાઈ-બહેનો | દાહોદ | ૩૦૨-૩ | ગંગાબેન તથા વિજયાબેન | સોનગઢ |
| | | | ૩૦૪ | દેવજીભાઈ એચ. ધારીઆ | મુંબઈ-૩૪ |
| ૨૮૫ | મનહરલાલ પોપટલાલ શેઠ | બેંગ્લોર | ૩૦૫ થી ૪૬૦ | હિંદી ભાઈ-બહેનોના ૧૫૬ નામ આવેલ છે. | |
| ૨૮૬ | મંજુલાબેન મનહરલાલ શેઠ | બેંગ્લોર | | | |
| ૨૮૭ | જીતેન્દ્ર મનસુખલાલ જૈન | સોનગઢ | | ( આવતા અંકથી આ નામો છાપવાનું બંધ થશે. ) | |
| ૨૮૮ | લલિત મનસુખલાલ જૈન | સોનગઢ | | | |

## આત્મધર્મ ( વીતરાગી સાહિત્ય ) પ્રચાર માટે તથા વધુ પાનાં આપવા માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૧ | વેણીલાલ છગનલાલ મહેતા ( આત્મધર્મના વધુ પાનાં માટે ) | અંકલેશ્વર | ૫૧ | દિગંબર જૈન મુમુક્ષુમંડળ | ઇન્દૌર |
| | | | ૧૧ | સવિતાબેન કોઠારી | બેંગલોર |
| ૪૦૦ | નેમચંદ મોતીલાલ જૈન ( આત્મધર્મના વધુ પાનાં માટે ) | દિલ્હી | ૧૦૧ | દુધીબેન દેવચંદ | સોનગઢ |
| | | | ૧૦૧ | દિગંબર જૈન મુમુક્ષુ મંડળ | જામનગર |
| ૨૫ | હંસાબેન અમૃતલાલ | મીઠાપુર | ૨૧ | નારણદાસ કરસનદાસ | રાણપુર |
| ૧૫ | પ્રાણલાલ પોપટલાલ | પાલેજ | ૧૦૧ | સ્વ. રતિલાલ લક્ષ્મીચંદ | ભાવનગર |

# ઓળખી લ્યો.... આપણા તીર્થંકર ભગવંતોને

(૧) માગશર સુદ અગિયારસે જેઓ મુનિ થયા, ને પછી માગશર વદ બીજે જેઓ કેવળજ્ઞાન પામ્યા, તે તીર્થંકર કોણ ?

(૨) એક વખત એવું બન્યું કે, એક ભગવાન પાસે સુંદર વસ્તુ ત્રણ હતી તે વધીને ચાર થઈ; બે વસ્તુ વધીને ત્રણ પૂરી થઈ; ને અસુંદર વસ્તુ બે હતી તે ઘટીને એક જ રહી. આ બન્યું તે દિવસે માગશર સુદ ૧૧ હતી. તો તે કયા ભગવાન ? અને શું બન્યું ?

(૩) એકવાર એક જીવને એવું બન્યું કે, તે એક ગતિમાંથી બીજી ગતિમાં ગયો, તેની આખી ગતિ પલટી ગઈ.–ગતિ પલટવા છતાં તેનું જ્ઞાન એટલું ને એટલું જ રહ્યું, ન વધ્યું કે ન ઘટયું; તેને જ્ઞાન એટલું ને એટલું રહેવા છતાં તેના ક્ષાયિકભાવો વધી ગયા. આ વાત બની–આસો વદ અમાસે.–તો તે જીવ કોણ ? અને શું બન્યું ?

(૪) કુંભ–પ્રભાના પુત્ર જે, ને ત્રણ જગતના પિતા;
સોમે વર્ષે દીક્ષા લીધી, વિવાહ ન જેણે કીધા.
છ જ દિવસમાં કેવળ લઈને લોકાલોકને દીઠા,
મિથિલાપુરમાં દીઠા એનાં વચન મીઠા–મીઠા–એ કોણ ?

(૫) એક તીર્થંકર ભગવાન ચૌદમા ગુણસ્થાને બિરાજમાન છે તેમને મારે જોવા છે; તે માટે હું ગીરનાર ગયો પણ ત્યાં તે ભગવાન ન હતા; સમ્મેદશિખર ગયો ત્યાં પણ ન હતા; ચંપાપુરી–પાવાપુરીમાં પણ ન હતા; શેત્રુંજય ઉપર પણ ન હતા. તો તે ભગવાન કયાં હશે ?

સવારના પ્રવચનમાં શ્રી પ્રવચનસારમાં જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન વંચાય છે. બપોરે સમયસાર–કળશ ઉપર પ્રવચન થતા હતા તે પૂર્ણ થઈને કારતક વદ તેરસથી પૂજ્ય–પાદસ્વામીરચિત સમાધિશતકનું વાંચન શરૂ થયું છે. ભોપાલ તથા બેંગલોરમાં જિનબિબ–પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે, તેમ જ અન્ય અનેક સ્થળોએ મંગલ પ્રસંગે પૂ. શ્રી કાનજીસ્વામીના વિહારનો કાર્યક્રમ ગોઠવાઈ રહ્યો છે. ભોપાલમાં મહા વદ ત્રીજનું મૂરત છે; ત્યાંનો કાર્યક્રમ મહા સુદ ૧૦ થી મહા વદ ત્રીજ, તા. ૨૧ થી ૨૮ ફેબ્રુઆરી સુધીના આઠ દિવસ છે. તથા બેંગલોરમાં ચૈત્ર સુદ તેરસનું મૂરત છે; ત્યાંનો કાર્યક્રમ ફાગણ વદ ૧૨ થી ચૈત્ર સુદ ૧૩ સુધીનો છે. વૈશાખ સુદ બીજ અમદાવાદમાં થશે. વિગતવાર કાર્યક્રમ હવે પછી નક્કી થતાં પ્રસિદ્ધ થશે.

# સમકિતકી સુગંધ મહકી હૈ

યદિ ભવસાગર દુઃખસે ભય હૈ તો તજ દો પરભાવકો,
કરો ચિન્તવન શુદ્ધાતમકા પાલો સહજ સ્વભાવકો.
નર પશુ દેવ નરક ગતિયોંમેં બીતા કિતના કાલ હૈ,
ફિર ભી નહીં સમઝ પાએ યહ ભવવન અતિ વિકરાલ હૈ.
તજો શુભાશુભ ભાવ યહી શુદ્ધોપયોગકી ઢાલ હૈ,
કિયા તત્ત્વ નિર્ણય જિસને વહ જિનવાણીકા લાલ હૈ.
દ્રવ્યદૃષ્ટિસે સમકિત નિધિ પા, કર લો દૂર અભાવકો,
કરો ચિન્તવન શુદ્ધાતમકા પાલો સહજ સ્વભાવકો.
પાપ-પુણ્ય દોનોં જગસ્રષ્ટા ઇનમેં દુઃખ ભરપૂર હૈ,
ઇનકી ઉલઝન સુલઝ ન પાઈ તો ફિર સુખ અતિ દૂર હૈ.
ઇસ પ્રકાર પરભાવોંમેં જો ભી પ્રાણી ચકચૂર હૈ,
પર વિભાવકો નષ્ટ કરે જો વહ હી સચ્ચા શૂર હૈ.
સમકિત-ઔષધિસે અચ્છા કર લો અનાદિકે ઘાવકો,
કરો ચિન્તવન શુદ્ધાતમકા પાલો સહજ સ્વભાવકો.
બીતી રાત પ્રભાત હો ગયા જિનવાણીકા તૂર્ય બજા,
જિસને દિવ્યધ્વનિ હૃદયંગમ કી ઉસકે ઉરમેં સૂર્ય સજા.
આત્મજ્ઞાનકા દેખ ઉજાલા ભાગ રહે પરભાવ લજા,
ચિદાનંદ ચૈતન્ય આત્માકા અંતરમેં નાદ ગજા.
સમકિતકી સુગંધ મહકી હૈ દેખો જ્ઞાયકભાવકો,
કરો ચિન્તવન શુદ્ધાતમકા પાલો સહજ સ્વભાવકો.

( -રાજમલ જૈન, ભોપાલ )

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ. સોનગઢ ( સૌરાષ્ટ્ર ) માગશર
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૬૦૦